સુવિચાર

સારા વિચારો, સારા શબ્દો, અને સારા કાર્યો જ સફળ જીવનની ચાવી છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



મેટોડામાં ઈંટોના ભઠ્ઠા પાસે ૧ કિલો ગાંજાના જથ્થા સાથે બિહારનો શખ્સ ઝડપાયો P-4

Year-16, Issue-66 ■ DATE : 24-06-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુધ્ધ વિરામઃ મીડલ ઈસ્ટમાં ઉગશે શાંતિનો સૂરજ




## સીઝફાયર થયાની ડોનાલ્ડ ટ્રમ્પે કરી જાહેરાતઃ ૧૨ દિવસથી ચાલતા યુધ્ધનો અંતઃ ઈરાને સીઝફાયર નકાર્યા બાદ સ્વીકાર્યુ

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ થઈ ગયો છે. આ કારણે બંને દેશો વચ્ચે ૧૨ દિવસથી ચાલી રહેલી લડાઈ બંધ થઈ ગઈ છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સોમવારે તેમના ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં કહ્યું કે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સંપૂર્ણ અને સંપૂર્ણ યુદ્ધવિરામ અંગે સંપૂર્ણ સંમતિ થઈ છે.

હાલમાં મધ્ય પૂર્વમાં શાંતિની આશા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરાર થયો છે. ઈરાને અગાઉ યુદ્ધવિરામનો ઈનકાર કર્યા બાદ હવે તેને સ્વીકારી લીધો છે. દરમિયાન, ઈઝરાયલ તરફથી સત્તાવાર પ્રતિભાવની રાહ જોવાઈ રહી છે. આ યુદ્ધવિરામમાં કતારે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાના અહેવાલો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે લગભગ બે અઠવાડિયાથી લોહિયાળ સંઘર્ષ ચાલી રહ્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કતારના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાનીએ તેહરાનને અમેરિકા દ્વારા પ્રસ્તાવિત યુદ્ધવિરામ માટે સંમત થવા માટે મનાવ્યો. જોકે, કતારે આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. તાજેતરમાં ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે કતારના અમીરનો સંપર્ક કર્યો હતો અને તણાવ ઓછો કરવામાં મદદ માંગી હતી.

રોઈટર્સ સાથે વાત કરતા એક અધિકારીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પે આમિરને કહ્યું હતું કે ઈઝરાયલ યુદ્ધવિરામ માટે સંમત થયું છે અને ઈરાનને પણ આ અંગે સંમત કરાવવા માટે કતાર પાસે મદદ માંગી છે.'' થોડા સમય પછી, કતારના વડા પ્રધાને ઈરાની અધિકારીઓનો સંપર્ક કર્યો અને કરાર પર તેહરાનની સંમતિ મેળવી. રોઈટર્સ સાથે વાત કરતા, એક ઈરાની અધિકારીએ સ્વીકાર્યું કે તેહરાને કતાર દ્વારા મધ્યસ્થી કરાયેલ યુદ્ધવિરામ સ્વીકારી લીધો છે.

ઈઝરાયલને સજા આપવા માટે આપણા શક્તિશાળી સશષા દળોની લશ્કરી કાર્યવાહી સવારે ૪ વાગ્યા સુધી ચાલુ રહી, ઈરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અરાઘચીએ જણાવ્યું. બધા ઈરાનીઓ સાથે મળીને, હું આપણા બહાદુર સશષા દળોનો આભાર માનું છું, જેઓ લોહીના છેલ્લા ટીપા સુધી દેશ માટે ઉભા રહ્યા અને છેલ્લી ક્ષણ સુધી દુશ્મનના દરેક હુમલાનો જવાબ આપ્યો. સોમવારે બપોરે ટ્રમ્પે ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી અને યુદ્ધવિરામ કરારને અંતિમ સ્વરૂપ આપ્યું હોવાના અહેવાલ છે. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ આ માહિતી આપી છે. આ ઘટના એવા સમયે બની રહી છે જ્યારે અમેરિકા પણ ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં કૂદી પડ્યું છે. અમેરિકાએ ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલો કરવાનો દાવો કર્યો હતો.

સોમવારે ઈઝરાયલે તેહરાનમાં ઈરાની સરકારી લક્ષ્યો પર અનેક હુમલા કર્યા, જેમાં ઈઝરાયલી સૈન્યએ પુષ્ટિ આપી કે તેણે ઈરાનના ફોર્ડો સંવર્ધન સુવિધાની આસપાસના રસ્તાઓ પર હુમલો કર્યો હતો જેથી તેની એક્સેસ ખોરવાઈ જાય. રવિવારે અમેરિકા દ્વારા નિશાન બનાવવામાં આવેલા ત્રણ પરમાણુ સ્થાપનોમાંથી એક ફોર્ડો સંવર્ધન સુવિધા હતી.

ઈરાને પણ મિસાઈલ અને ડ્રોનથી ઈઝરાયલ પર હુમલો કર્યો. એક દિવસ પહેલા અમેરિકાએ ઈરાની પરમાણુ સ્થાપનો પર હુમલો કર્યા બાદ ઈરાને ઈઝરાયલ પર હુમલા કર્યા હતા. ઈઝરાયલના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેહરાન પરના હુમલાઓમાં દેશની કુખ્યાત એવિન જેલ અને અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડ્સના સુરક્ષા મુખ્યાલયને નિશાન બનાવવામાં આવ્યું હતું.

ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે ૨૪ કલાકનો તબક્કાવાર યુદ્ધવિરામ મંગળવારે મધ્યરાત્રિથી શરૂ થશે. આનાથી બંને દેશોને તેમના અંતિમ મિશન પૂર્ણ કરવા અને પૂર્ણ કરવા માટે છ કલાકનો સમય મળશે.

# વિસાવદરના પરિણામથી ભાજપમાં સન્નાટો

### પરિણામની અસર ભાજપ સંગઠનથી લઈ મંત્રી મંડળની નવરચનામાં પડશે



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીના પરિણામો ગુજરાત ભાજપના રાજકારણ પર પણ અસર કરે તેવા સંકેત છે. ખાસ કરીને એક તરફ ભાજપના રાજય સંગઠન અંગે લાંબા સમયથી અનિશ્ચિતતા જેવી સ્થિતિ બની રહી છે અને તેની સાથે મંત્રીમંડળમાં ફેરફારથી લઈને ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીના અડધા પડાવ પછી જે રીતે સરકાર અને પક્ષને નવા ગીયરમાં નાખવાની તૈયારી હતી.

ત્યાં જ ઓચિંતી આ પરિણામે બ્રેક લગાવી છે તે સંકેત છે. જોકે વિધાનસભા કદી ભાજપનો ગઢ રહ્યો ન હતો તેવો દાવો કરીને ભાજપ આ પરાજયને હળવો કરવા પ્રયત્ન કરી રહ્યો છે પરંતુ અંદર ખાને ઘણા પ્રત્યાઘાત પડશે તે પણ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે.

ખાસ કરીને ભુતકાળમાં ભાજપને જયારે જયારે વિધાનસભા પેટા ચૂંટણીઓ ગુમાવી છે ત્યારે પણ આંચકા લાગ્યા છે. પરંતુ હાલ ભાજપને જીતવાની ટેવ પડી ગઈ હતી અને તે જ મુદો હવે પક્ષ માટે સૌથી વધુ પ્રશ્ન સર્જી રહ્યો છે.

ભાજપે આ બેઠક માટે પ્રચારમાં કોઈ કસર બાકી રાખી ન હતી. કિરીટ પટેલની ઉમેદવારી સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ખુદ રોડ શો કર્યો હતો. સામાન્ય રીતે મુખ્યમંત્રી પેટા ચૂંટણીના પ્રચારમાં જતા નથી પરંતુ ભુપેન્દ્ર પટેલે વાવ બેઠકથી તે સીલસીલો તોડયો હતો. તો અહીં પ્રચારમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, કેબીનેટ મંત્રી હર્ષ સંઘવી, પ્રફુલ પાનસુરીયા, કેન્દ્રીય મંત્રીઓ આવ્યા હતા.

જયારે ચાર-ચાર મંત્રીઓને પ્રચારની જવાબદારી સોંપાઈ હતી અને તે સાથે જ વિસાવદરમાં રાતોરાત રોડ-રસ્તા બનવા લાગ્યા હતા. ચર્ચા એ પણ છે કે મતદારોને છેલ્લી ઘડીએ લોભાવવાની અનેક એવી પણ કોશીશો થઈ હતી કે તે મતદાન પૂર્વેની રાત્રે કતલની રાત ગણાય છે તેવી યુકિતઓ પણ અજમાવવામાં આવી હતી.

તેમ છતાં ૧૭ હજારથી વધુ મતે ભાજપનો પરાજય એ સૌથી મહત્વનું ફેકટર છે. છેલ્લે સુધી સ્પર્ધામાં કાંટાની ટકકર હોવાનું મનાતું હતું અને હારજીત પણ થોડા ૨-૩ હજાર મતોની હશે તે ચર્ચા હતી.

# યુધ્ધવિરામને વધાવતું શેરબજારઃ ક્રુડના ભાવમાં કડાકો

### પ્રારંભે સેન્સેકસ ૯૦૦ થી ૧૦૦૦ પોઈન્ટ ઉછળ્યો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાતને કારણે આજે સ્થાનિક શેરબજારમાં તીવ્ર તેજી જોવા મળી રહી છે. શરૂઆતના કારોબારમાં, BSE સેન્સેક્સ લગભગ ૯૦૦ પોઈન્ટ ઉછળ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જમાં પણ લગભગ ૩૦૦ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો. આ વધારા સાથે, BSE પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂા.૪.૪૩ લાખ કરોડ વધીને રૂા.૪૫૨.૨૫ લાખ કરોડ થયું. ક્રૂડ ઓઈલના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે જ્યારે ડોલર સામે રૂપિયો ૬૮ પૈસા મજબૂત થયો છે. સોમવારે શેરબજાર ઘટાડા સાથે બંધ થયું હતું.આ લખાય છે ત્યારે સેન્સેક્સ ૭૧૮ વધીને ૮૨૬૧૫ અને નિફ્?ટી ૨૨૧ વધીને ૨૫૧૯૩ ઉપર છે

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૯ શેર વધારા સાથે ખુલ્યા. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડા બાદ BPCL, HPCL અને IOC જેવી તેલ કંપનીઓના શેરમાં ઉછાળો આવ્યો. HPCLના શેરમાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો. બીએસઈ પર તે ૫% વધીને રૂ. ૪૧૩.૨૫ પર પહોંચ્યો. બીપીસીએલના શેર ૪.૫% વધીને રૂ. ૩૨૭.૭૦ પર ટ્રેડ થયા. ના શેર પણ ૩.૫% વધીને રૂ. ૧૪૫.૩૦ પર પહોંચી ગયા

શેરબજારમાં ઉછાળા વચ્ચે ટ્રેડ થઈ રહેલા શેરોની વાત કરીએ તો, લાર્જ-કેપ કેટેગરીમાં સમાવિષ્ટ અદાણી પોર્ટ્સ શેર (૪.૫૦%), LT શેર (૨.૧૮%), M&M શેર (૨.૦૮%), SBIN શેર (૧.૬૩%), એક્સિસ બેંક શેર (૧.૫૯%), બજાજ ફાઈનાન્સ શેર (૧.૫૦%), ટાઈટન શેર (૧.૩૬%), ટાટા મોટર્સ શેર (૧.૩૦%), TCS શેર (૧.૧૦%) વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. આ ઉપરાંત HDFC બેંક શેર, ટાટા સ્ટીલ શેર, એરટેલ શેર, રિલાયન્સ શેર પણ ૧ ટકાની આસપાસ ટ્રેડ થઈ રહ્યા હતા.

અમેરિકાના હવાઈ હુમલાનો બદલો લેવા માટે ઈરાને કતારમાં અમેરિકાના એરબેઝને નિશાન બનાવ્યું. આ પછી, સોમવારે તેલના ભાવમાં લગભગ ૬%નો ઘટાડો થયો. મંગળવારે પણ ક્રૂડ ઓઈલમાં ઘટાડો જોવા મળ્યો છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાથી BPCL, HPCL અને IOC જેવી તેલ કંપનીઓને ફાયદો થાય છે. ઓછી કિંમતો ઈનપુટ ખર્ચ ઘટાડે છે, જેના કારણે ઈંધણને રિફાઈન અને ઉત્પાદન કરવું સસ્તું બને છે. વધુમાં, ક્રૂડ ઓઈલના નીચા ભાવ આયાત બિલ અને કાર્યકારી મૂડીની જરૂરિયાતો ઘટાડે છે, જેના કારણે રોકડ પ્રવાહમાં સુધારો થાય છે.

# વર્ષોથી પેન્ડીંગ રહેલા કેસો દર બુધવારે ચલાવવા ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય

## ૨ જુલાઈથી નવી વ્યવસ્થાઃ હાઈકોર્ટમાં નોંધણીની તારીખના આધારે તબકકાવાર સૌથી જુના ૧૦૦-૧૦૦ કેસ દરેક બેંચ પર હાથ લેશે



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વર્ષોથી પેન્ડીંગ કેસોના નિકાલ માટે પહેલ કરવામાં આવી હોય તેમ ગુજરાત હાઈકોર્ટે દર બુધવારે માત્ર લાંબા વખતથી પડતર કેસો, જ ચલાવવાનો નિર્ણય લીધો છે. બે જુલાઈથી આ નવો નિયમ લાગુ થશે.

હાઈકોર્ટની બે કમીટી દ્વારા એવો નિર્ણય લેવાયો છે કે બેચ સપ્તાહનો એક દિવસ સૌથી જુના કેસ હાથ પર લેશે. હાઈકોર્ટે રજીસ્ટ્રાર દ્વારા તે અંગેનું નોટીફીકેશન જારી કરવામાં આવ્યું હતું.

જુના કેસોના નિકાલની આ યોજના હેઠળ હાઈએલર્ટ દ્વારા વર્ષો જુના પેન્ડીંગ કેસોનું નવુ લીસ્ટ તૈયાર કરવામાં આવે અને એક સપ્તાહ પૂર્વે એડવાન્સમાં જ તે જારી કરી દેવામાં આવશે. એટલે પક્ષકારોને આગોતરી જાણ થઈ શકે.

આ લીસ્ટમાં રોસ્ટર પ્રમાણે સૌથી જુના ૧૦૦ કેસો હાથ પર લેવાશે. હાઈકોર્ટમાં તારીખ મુજબ રર્જીસ્ટડ કેસોની ગણતરી કરવામાં આવશે. ૨ જુલાઈનાં રોજ જે પેન્ડીંગ કેસો હાથ પર લેવાના હશે તેનું લીસ્ટ આવતીકાલે ૨૫મી જુને જાહેર કરવામાં આવશે. જામીન અને ફરીયાદ રદ કરવા સિવાયના કેસોની સુનાવણી બુધવારે નિયત થઈ હોય તો ઓટોમેટીક ધોરણે બીજા દિવસે ટ્રાન્સફર થશે. નોટીફીકેશનમાં દર્શાવાયા પ્રમાણે કેસોની સુનાવણી અગાઉ જ પૂર્ણ થઈ ગઈ હોય અને માત્ર ચુકાદા બાકી હોય, કેસોની અર્ધી સુનાવણી થઈ હોય અથવા સર્વોચ્ચ અદાલતે મનાઈ હુકમ ફરમાવ્યો હોય તેવા જુના કેસોને બુધવારની સુનાવણીનાં લીસ્ટમાં સામેલ કરવામાં નહીં આવે સુપ્રિમ કોર્ટમાં મેટર પેન્ડીંગ હોય તેવા કેસો પણ હાથ પર લેવામાં નહિં આવે.

# ગુજરાત હાઈકોર્ટ બાદ રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

### વડોદરાની શાળાને ધમકી મળ્યા બાદ પોલીસ વિભાગ એલર્ટ




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આજે સવારે વડોદરાની એક સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળ્યા બાદ હવે આવી જ ધમકી ગુજરાત હાઈ કોર્ટને મળી છે. ગુજરાત હાઈકોર્ટને આ બીજીવાર બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. આ ધમકી બાદ રાજકોટની નવી બનેલી કોર્ટને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા જ પોલીસ વિભાગ એલર્ટ થઈ ગયું છે. બોમ્બ સ્કવોર્ડ સહિતની ટીમો હાઈકોર્ટ સંકુલમાં પહોંચી તપાસ શરુ કરી છે.

ગુજરાતના વડોદરા શહેરમાં સતત બીજા દિવસે સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આજે રિફાઈનરી ગુજરાત બોર્ડ સ્કૂલના પ્રિન્સિપાલને ઈ-મેલ દ્વારા ધમકી આપવામાં આવી હતી, જેમાં દાવો કરાયો હતો કે સ્કૂલમાં બોમ્બ મૂકવામાં આવ્યો છે અને તે ફાટશે. ઘટનાની જાણ થતાં જ જવાહરનગર પોલીસ, બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને સઘન તપાસ શરૂ કરી.

સ્કૂલે તાત્કાલિક પગલાં લેતાં વિદ્યાર્થીઓને રજા આપી દીધી અને સવારે ૯૧૫ વાગ્યા સુધીમાં બાળકોને સલામત રીતે ઘરે મોકલવાની વ્યવસ્થા કરી. વાલીઓને ઈ-મેલ દ્વારા જાણ કરવામાં આવી કે આ ધમકી ખોટી હોઈ શકે છે, પરંતુ સુરક્ષાને ધ્યાનમાં રાખીને કોઈ જોખમ લેવામાં આવશે નહીં.

ગઈકાલે સમા વિસ્તારની નવરચના સ્કૂલને પણ આવી જ ધમકી મળી હતી, જ્યાં પોલીસે સાડા ત્રણ કલાકની તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતાં રાહતની જાહેરાત કરી હતી. આ પહેલાં જાન્યુઆરીમાં પણ નવરચના સ્કૂલને આવી ધમકી મળી હતી, જે ખોટી સાબિત થઈ હતી.

સતત ધમકીઓથી વાલીઓમાં ચિંતા વધી છે, અને તેઓ આવા અજાણ્યા તત્ત્વો સામે કડક કાર્યવાહીની માગ કરી રહ્યા છે. પોલીસે જણાવ્યું કે તપાસ ચાલુ છે અને ધમકી આપનારની ઓળખ માટે સાયબર ટીમ કામ કરી રહી છે.

વાલીઓને શાંતિ જાળવવા અને ગભરાટ ન ફેલાવવા અપીલ કરવામાં આવી છે, જ્યારે સ્કૂલે પણ સુરક્ષાને પ્રાથમિકતા આપીને વિદ્યાર્થીઓની સલામતી સુનિશ્ચિત કરવાની ખાતરી આપી છે.

# ગુજરાત પર મેઘરાજા મહેરબાનઃ સૌરાષ્ટ્ર સહિત રાજયનાં ૮ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

### સુરતમાં ૨૪ કલાકમાં ૧૩ ઈંચ વરસાદ ખાબકતા પાણી પાણી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં છેલ્લાં બે અઠવાડિયાથી મેઘમહેર જોવા મળી રહી છે. જોકે, સોમવારે પણ મેઘરાજાની મહેરબાની રાજ્યભરમાં જોવા મળી હતી. ગઈકાલે સવારના ૬ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી ૨૪ કલાકમાં સુરતમાં ૧૩ ઈંચ વરસાદ પડતા જળબંબાકારની સ્થિત જોવા મળી હતી. દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ ભારે વરસાદ જોવા મળ્યો હતો. જેના કારણે તાપી જિલ્લાના અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા.

સોમવારે (૨૩ જૂન) ૨૪ કલાકમાં સુરતમાં ૧૩ ઈંચથી વધુ વરસાદ પડતા સુરતમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જેને લઈને વહેલી સવારે નોકરી-ધંધે જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, સોમવારે (૨૩ જૂન) સુરતમાં અતિભારે વરસાદ જોવા મળ્યો હતો. સુરત જિલ્લામાં સાડા નવ ઈંચ વરસાદથી અનેક જગ્યાએ પાણી ભરાયા હતા. રસ્તા ઉપર પણ ભારી ભરાઈ જવાના કારણે અનેક વાહનો બંધ થઈ ગયા હતા. આ સિવાય કામરેજમાં પણ સાત ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે અમરેલીની શેત્રુંજી-સાતલડી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ગઈકાલના વરસાદને લઈને દક્ષિણ ગુજરાતનું તાપી અને સુરત હજુય જળમગ્ન સ્થિતિમાં છે. તાપી જિલ્લામાં અને ઉપરવાસમાં પડી રહેલા ભારે વરસાદના પગલે તાપી જિલ્લાની સ્થાનિક નદીઓ બે કાંઠે થઈ છે. આ સિવાય તમામ ધોધ પણ વહેતા થયા છે.

અમરેલી જિલ્લાના ધાતરવાડી અને સુરજવાડી, સુરેન્દ્રનગરના વાંસલ, લીમ-ભોગાવો-૧ અને સબુરી, જામનગર જિલ્લાના વાઘડીયા, કચ્છના કલાઘોઘા, ભાવનગરના રોજકી તથા બગડ અને બોટાદ જિલ્લાના ભીમદાદ એમ કુલ ૧૦ જળાશયો સંપૂર્ણ એટલે કે ૧૦૦ ટકા ભરાયા છે જેથી હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાતા એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવી છે. સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૫૦.૧૫ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

૨૫ જૂને ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરુચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, નર્મદા, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર અને ૨૬ જૂને નવસારી, વલસાડ, ડાંગ, તાપી, નર્મદા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લામાં યલો ઍલર્ટ છે. ૨૭ જૂનના રોજ કચ્છ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, નવસારી, ડાંગ, તાપી, નર્મદા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ જિલ્લામાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદની આગાહી છે. જ્યારે ૨૮-૨૯ જૂનના દિવસે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘગર્જના સાથે ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કર્યુ છે.

# અંતે આવતીકાલે શુભાંશુ શુકલા અંતરિક્ષ યાત્રાએ જશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અનેક વાર ટેકનિકલ કારણે મોકુફ રહેલી ભારતીય અંતરિક્ષ યાત્રી શુભાંશુ શુકલાની અંતરિક્ષ યાત્રાની નવી તારીખ જાહેર થઈ છે. જે મુજબ આવતીકાલે તા.૨૫ જૂને તેમનું અંતરિક્ષ મિશન એકિસઓમ મિશન-૪ લોન્ચ થશે. આ જાણકારી નાસાએ આપી છે.



આ મિશન અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસા સ્પેસ ક્રાફટ અને પ્રાઈવેટ કંપની એકિસઓમ મિશન-૪ નામના મિશનથી ભારતની સાથે સાથે હંગેરી અને પોલેન્ડની પણ અંતરિક્ષમાં વાપસી થઈ રહી છે. આ અંતરિક્ષ મિશન ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ) રવાના થશે.

આ મિશનમાં ભારતીય અંતરિક્ષ યાત્રી શુભાંશુ પાયલોટની ભૂમિકા ભજવશે. આ મિશનમાં કમાન્ડર પેગી વ્હીટસન છે જે અનુભવી અમેરિકી અંતરિક્ષ યાત્રી છે.

જયારે હંગેરીના ટિબોર કાળુ અને પોલેન્ડમાં સ્લાવોશ ઉજનાસ્કી-વિસ્નિએવસ્કી મિશન સ્પેશિયાલિસ્ટ હશે. ભારતીય સમય અનુસાર આવતીકાલે બુધવારે સવારે ૧૨.૦૧ વાગ્યે ફલોરિડા સ્થિત કેનેડી સ્પેસ સેન્ટરથી મિશનનું લોન્ચીંગ થશે.

# જામનગર જીલ્લામાં ૧૯૬૨ એનીમલ હેલ્પલાઇન થકી ૫ વર્ષમાં ૩,૨૬,૦૧૭ પશુઓની સારવાર કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર.રાજ્ય સરકાર અને EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સંયુક્ત ઉપક્રમ હેઠળ ''૧૯૬૨-એનીમલ હેલ્પલાઈન'' શરુ કરવામાં આવી છે. અબોલ પશુ-પક્ષીઓને સ્થળ પરજ તાત્કાલીક સારવાર આપવામાં આવતા પશુપાલક માટે એનીમલ હેલ્પલાઈન દેવદુત સમાન સાબીત થઈ છે.પશુપાલન વિભાગ અને GVK EMRI ગ્રીન હેલ્થ સર્વિસના સંયુક્ત ઉપક્રમે કાર્યરત આ સેવા થકી જૂન ૨૦૨૦ થી ૨૦ જૂન ૨૦૨૫ સુધીમાં જામનગર જીલ્લાના ૩,૨૬,૦૧૭ મુંગા પશુ પક્ષીઓને નવજીવન મળ્યું છે.



જામનગર જિલ્લામાં કુલ ૩૪ હરતા-ફરતા પશુ દવાખાના કાર્યરત છે. છેલ્લા એક વર્ષમાં ૬૪૫૬૯ પશુઓની સારવાર કરી જેમાં ૨૭૩૭૭ ભેંસ, ૨૫૫૭૯ ગાય, ૫૬૫૮ બકરી, ૪૫૨૧ ઘેટા, ૧૧૨૩ કુતરા અને બીલાડી, ઘોડા, કબુતર અને ચકલીઓની સારવાર કરાઈ છે. હરતા ફરતા પશુ દવાખાના તાલીમ-બદ્ધ કર્મચારીઓ તમામ દવાઓ તેમજ સાધન સામગ્રીથી સજ્જ છે. જેમાં એક વેટરનરી ઓફિસર અને એક પાઈલટ કમ ડ્રેસર હાજર હોય છે. હરતા ફરતા પશુ દવાખાનાની સેવા નક્કી કરાયેલા રૂટ પ્રમાણે અને ઈમરજન્સી કેસને ધ્યાને લઈને આપવામાં આવે છે. કોઈપણ ઈમરજન્સી પરીસ્થિતીમાં ૧૯૬૨ આ હેલ્પલાઈન પર સંપર્ક કરીને આ સેવાનો લાભ મેળવી શકાય છે. હરતા ફરતા પશુ દવાખાના દ્વારા જરૂર જણાયે તાત્કાલીક સ્થળ પર જ નાના મોટા તેમજ જટીલ ઓપરેશન પણ કરવામાં આવે છે. જામનગર જિલ્લામાં હરતા ફરતા પશુ દવાખાના સીવાય કરૂણા એમ્બ્યુલન્સ પણ ફાળવવામાં આવી છે. જે બીનવારસુ પશુપક્ષીઓને સ્થળ પર સારવાર આપે છે.કરૂણા એનીમલ એમ્બયુલન્સનો સમય સવારના ૮ વાગ્યા થી રાત્રે ૮ વાગ્યા સુધી અને હરત ફરતા પશુ દવાખાનાનો સમય સવારના ૮ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધીનો હોય છે. કોઈપણ વિસ્તારમાં કોઈપણ પશુ-પક્ષી ઈજાગ્રસ્ત બીમાર હાલતમાં જોવા મળે તો તુરંત ૧૯૬૨ નંબર પર ફોન કરી સંપર્ક કરવા GVK EMRI ગ્રીન હેલ્થ સર્વિસના પ્રોગ્રામ મેનેજર ડો. મોહમ્મદ સોયબ ખાન તથા જિલ્લા પ્રોજેક્ટ કોર્ડીનેટર ચિંતન પંચાલ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જોગવડમાં ૧ કિલો ગાંજા સાથે પરપ્રાંતીય ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીકના જોગવડ ગામમાં ભાડાના મકાનમાં રહી એક શખ્સ ગાંજાનું વેચાણ કરી રહ્યો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પાડી તેના ઘરમાંથી ૧ કિલો ૧૫૦ ગ્રામ ગાંજો પકડી પાડ્યો હતો. જ્યારે આ ગાંજાકાંડમાં સંડોવાયેલા એક મહિલા સહિત બે શખ્સોને પોલીસે ફરાર જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરી છે.મૂળ ઉત્તર પ્રદેશના આઝમગઢનો વતની અને હાલ લાલપુર નજીક જોગવડ ગામે ભાડાના મકાનમાં પ્રેમચંદ બ્રિજનાથ ચૌહાણને ત્યાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડયો હતો. જેમાં ૧ કિલો અને ૧૫૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે મળી આવ્યો હતો.જેને પગલે પોલીસે આરોપીની અટકાયત કરી લીધી હતી.

જેની પાસેથી ૧૧,૦૫૦ ની કિંમતનો જથ્થો મોબાઈલ ફોન તેમજ રૂપિયા ૪૯૨૦ ની રોકડ રકમ અને પ્લાસ્ટિકના પાઉચ વગેરે સહિત રૂપિયા ૧૬,૪૭૦ ની માલમતા કબજે કરી લઇ તેની અટકાયત કરી હતી.આ ઉપરાંત તેની સાથે ગાંજા ના વેચાણમાં સંડોવાયેલી તેની ભાભી સુનીતાબેન વિદ્યાચલ યાદવ ઉપરાંત ગાંજાના જથ્થાના સપ્લ-ાયર મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ મેઘપર માં રહેતા જગદીપસિંગ ઉર્ફે જગ્ગી ને ફરારી જાહેર કર્યો છે. પોલીસે શોધખોળ સાથે તપાસ હાથ ધરી છે.

# ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ધ્રોલ તાલુકાના જાલિયા દેવાણી ખાતે આરોગ્ય કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ટીબી મુક્ત ભારત અભિયાનના ભાગરૂપે ધ્રોલ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જાલિયા દેવાણી ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ અને એલર્ટ ઈન્ડિયા એન.જી.ઓ. દ્વારા -૧૯ એક્સપ્રેસ હેલ્થ કેમ્પ અંતર્ગત યોજાયેલા આ કેમ્પમાં આસપાસના છ ગામો જાલિયા દેવાણી, માનસર, હમાપર, ખીજડિયા, પીપરટોડા અને ખેંગારકાના કુલ ૧૦૨ જેટલા ગ્રામજનોએ લાભ લીધો હતો.



આ આરોગ્ય કેમ્પના માધ્યમથી 'વર્નરેબલ પોપ્યુલેશન' ગણાતા જૂથોને ટીબી અને અન્ય રોગો પ્રત્યે જાગૃત કરી તેમનું પ્રાથમિક સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. આ જૂથોમાં ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓ, છેલ્લા પાંચ વર્ષમાં ટીબી થયેલો હોય તેવા વ્યક્તિઓ, ધૂમ્રપાન કરનાર વ્યક્તિઓ, ટીબીના દર્દીઓના સંપર્કમાં આવનાર વ્યક્તિઓ, ડાયાબિટીસ ધરાવતા દર્દીઓ અને કુપોષિત વ્યક્તિઓનો સમાવેશ થાય છે.કેમ્પમાં આવેલા તમામ ગ્રામજનોની પ્રાથમિક આરોગ્ય તપાસ, વજન, ઊંચાઈ, હાઈપરટેન્શન અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, છાતીના એક્સ-રે પણ કરવામાં આવ્યા હતા.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપુર પ્રસાદ, જિલ્લા ક્ષય અધિકારી ડો.પંકજકુમાર સિંઘ અને ધ્રોલ તાલુકા હેલ્થ ઓફિસર એચ.એન.ફોજેના માર્ગદર્શન હેઠળ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જાલિયા દેવાણીના ડો. વિભા સાપોવડિયા અને ડો. પ્રિયંકા ગોધાણી, તેમજ જિલ્લા એસ.બી.સી.સી. ચિરાગભાઈ પરમાર દ્વારા ગ્રામજનોને વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ટીબીના લક્ષણો વિશે ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં બે અઠવાડિયાથી વધુ ઉધરસ, ભૂખ ન લાગવી, વજન ઘટવું, સાંજના સમયે ઝીણો તાવ આવવો કે પરસેવો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હાઈપરટેન્શન વિશે, પૌષ્ટિક આહારના મહત્વ વિશે અને સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓ વિશે પણ વિગતવાર માહિતી આપવામાં આવી હતી, જેણે ગ્રામજનોને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે વધુ જાગૃત થવામાં મદદ કરી.

# જામનગર જીલ્લા સહીત સમગ્ર રાજ્યમાં ૨૬ થી ૨૮ જૂન દરમિયાન યોજાશે શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫-૨૬

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્યમાં શાળાએ જવાપાત્ર બાળકોનું ૧૦૦ ટકા નામાંકન અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાની ગુજરાતની અભિનવ પહેલ ''શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવ'' ની ૨૩મી કડી તા. ૨૬ થી ૨૮ જૂન ૨૦૨૫ દરમિયાન યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન ૨૦૦૨-૦૩માં શરૂ કરાવેલા આ શાળા પ્રવેશોત્સવના ૨૨ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. આ વર્ષે ૨૩મો શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવ ''આવો બનાવીએ શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ''ની થીમ સાથે ઉજવવામાં આવશે.જામનગર જીલ્લામાં તા.૨૬ જુનથી યોજાનાર શાળા પ્રવેશોત્સવ કન્યા કેળવણી મહોત્સવ કુલ ૪૫ રૂટ પર યોજવામાં આવશે. જામનગર જીલ્લામાં આંગણવાડીમાં કુલ ૪૩૦૭, બાલવાટિકામાં ૭૩૩૬, ધો.૧માં ૮૭૫૨ અને ધો.૯માં ૪૮૦૦ બાળકો મળી કુલ ૨૫,૧૯૫ બાળકો પ્રવેશ મેળવશે. ગુજરાતનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે શરૂ કરવામાં આવેલા આ કાર્યક્રમમાં પદાધીકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.

# બે સગીરા સાથે દુષ્કર્મ કરનાર આરોપીઓને ૨૦ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં નારી સંસ્થાના ચિલ્ડ્રન હોમમાંથી ભાગેલી સાડા તેર અને સવા પંદર વર્ષની સગીરાઓ સાથે મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધવાના કેસમાં પોક્સો અદાલતે રીક્ષા ચાલક અને તેના સાગરિતને ૨૦-૨૦ વર્ષની જેલ સજા અને રૂ. ૧૨-૧૨ હજાર દંડ તેમજ ગેસ્ટ હાઉસના મેનેજરને રૂ. ૧૦ હજાર દંડ ભરવા હુકમ ફરમાવ્યો છે.આ કેસની વિગતો મુજબ તા.૨/૪/૨૦૨૧ની મધરાતે ત્રણેક વાગ્યાના અરસામાં નારી સંસ્થાના ચિલ્ડ્રન હોમમાંથી એક સાડા તેર વર્ષ અને બીજી સવા પંદર વર્ષની બે બાળાઓ નાશી છુટી હતી અને સાત રસ્તા સર્કલમાં જઈ પહોંચી હતી.જ્યાં નવાબ બશીર સેતા નામના એક રીક્ષાવાળાએ બંનેને બેસાડીને જામનગરમાં ફેરવી હતી. બાદમાં ખોડીયાર કોલોની રોડ ઉપરના રાજ ચેમ્બર ગેસ્ટ હાઉસના રૂમ નંબર- ૧૦૪માં લઈ જઈને ત્યાં બંને સાથે મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો અને સવારે નવાબનો મિત્ર રાહુલ ભરતભાઈ સોલંકી ગેસ્ટ હાઉસ ખાતે પહોંચ્યો હતો અને તેણે પણ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધ્યો હતો.

મેનેજર સકસેસ સુરાભાઈ અસ્વારે બંને યુવકોને ગેસ્ટ હાઉસનો રૂમ આપ્યો હોવાની સ્ત્રી સંસ્થાના અધિક્ષકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.આ કેસ અત્રેની પોક્સો અદાલતમાં ચાલી જતાં અદાલતે સરકારી વકીલ ભારતીબેન વાદીની દલીલો અને ભોગ બનનારે સોગંદ ઉપર આપેલી જુબાની ગ્રાહ્ય રાખીને આરોપી નવાબ સેતા અને રાહુલ સોલંકીને તકસીરવાન ઠેરવીને ૨૦-૨૦ વર્ષની કેદ અને રૂ.૧૨-૧૨ હજારનો દંડ ફટકારેલ છે જયારે ભોગ બનનાર બંને સગીરાને રૂ.૨-૨ લાખ વળતર ચુકવવા અને ગેસ્ટ હાઉસના મેનેજરને રસ.૧૦ હજારનો દંડ ફટકારેલ છે.

# મોડપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ રક્તદાન કરી જોખમી સગર્ભાનો જીવ બચાવ્યો

## એક સમયે માત્ર ૪.૫ હિમોગ્લોબિન ધરાવતા મધ્યપ્રદેશના શારદાબહેનને જામનગર આરોગ્ય વિભાગની સેવા ફળી; સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર આરોગ્ય વિભાગની સેવા ફળી;સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો.લાલપુર તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોડપરના બે કર્તવ્યનિષ્ઠ આરોગ્ય કર્મચારીઓએ અનોખી માનવતા દાખવી છે. તેમણે ચારણતુંગી વાડી વિસ્તારમાં રહેતી ઓછું હિમોગ્લોબિન ધરાવતી એક જોખમી સગર્ભા મહિલાને તાત્કાલિક રક્તદાન કરીને તેનો જીવ બચાવ્યો હતો.મૂળ મધ્યપ્રદેશના અને મજૂરી અર્થે ચારણતુંગી ગામે આવેલા શારદાબેન લુલુભાઈ કન્શની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોડપરની આરોગ્ય ટીમ દ્વારા નોંધણી અને તપાસ કરવામાં આવી હતી. આ સમયે, તેમને ગર્ભાવસ્થાનો પાંચમો મહિનો ચાલતો હતો અને તેમનું હિમોગ્લોબિન ૧૦ જણાયું હતું.આથી આરોગ્ય ટીમે તેમને આયર્ન-કેલ્શિયમની ગોળીઓ અને પોષણયુક્ત આહાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.એક મહિના પછી, ફરીથી તપાસ કરતાં શારદાબેનનું હિમોગ્લોબિન એકદમ ઘટીને ૪.૫ થઈ ગયું હતું. આરોગ્ય ટીમે તાત્કાલિક તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપી. જો કે પરિવાર ખંભાળિયા સરકારી હોસ્પિટલમાં તપાસ માટે પહોંચ્યો હતો. ત્યાંના ડોકટરોએ તપાસ બાદ તાત્કાલિક બ્લડની જરૂર પડશે તેમ જણાવતા પરિવાર માટે મુશ્કેલ સ્થિતિ ઉભી થઇ હતી.પરિસ્થિતિની ગંભીરતા સમજતા મોડપર આરોગ કેન્દ્રના ખુશાલભાઈ કંડોરીયા અને આયુષ્યમાન આરોગ્ય મંદિર અપિયાના હરેશભાઈ જોગલ તાત્કાલિક ખંભાળિયા સરકારી હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે પરિવારને મળીને ડોકટરો સાથે વાતચીત કરી અને તાત્કાલિક રક્તદાન કર્યું હતું.આ રક્તદાન બાદ સગર્ભાનું હિમોગ્લોબિન વધીને ૭.૨ થયું. બે દિવસ હોસ્પિટલમાં દાખલ રહ્યા બાદ તેમને રજા આપવામાં આવી. ત્યાર પછી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોડપર પર તેમને એકાંતરે આયર્ન સુક્રોઝની સારવાર આપવામાં આવી, જેના પરિણામે તેમનું હિમોગ્લોબિન વધીને ૮.૩ થયું.એક મહિનો ચારણતુંગી વાડીમાં રહ્યા બાદ, સગર્ભા પોતાના વતન મધ્યપ્રદેશ પરત ફર્યા. આરોગ્ય ટીમે ત્યાંની આરોગ્ય ટીમ સાથે સંકલન કરીને કેસને રિફર કર્યો. અંતે ૧૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ મધ્યપ્રદેશના અલીરાજપુર ખાતે શારદાબેને ૨.૫ કિલો વજનની સ્વસ્થ દીકરીને જન્મ આપ્યો.હાલ માતા અને દીકરી બંનેનું સ્વાસ્થ્ય સારું છે. પરિવારે ફોન કરીને આરોગ્ય ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો અને તેમની દિલગીરી પણ વ્યક્ત કરી કે તેઓ રૂબરૂ આભાર માની શક્યા નથી.

આ ઘટના જામનગર જિલ્લાના આરોગ્ય કર્મચારીઓના સમર્પણ અને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

# રાજકોટ સિવિલમાં મેદસ્વિતા મુકત અભિયાન અંતર્ગત ઓબેસીટી કલીનીક શરૂ

## ત્રણ નિષ્ણાંતો સોમવારથી શનિવાર સેવા આપશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજય સરકાર દ્વારા મેદસ્વીતા સામે લડવાની ઝુંબેશ શરૂ કરી સ્વસ્થ ગુજરાત, મેદસ્વીતા મુક્ત ગુજરાતનાં કેમ્પેઈનને લોન્ચ કર્યું હોય આ અભિયાન અંતર્ગત રાજકોટ સિવીલ હોસ્પીટલ ખાતે ઓબેસીટી કલીનીક શરૂ કરવામા આવ્યુ છે જેમાં ૩ ડાયેટીશીયનની નિમણુક કરવામા આવી છે જે સોમથી શનીવાર સુધી સવારે ૯ થી બપોરે ૧૨.૩૦ સુધી સેવા આપશે. આ અંગે સિવીલ હોસ્પીટલનાં તબીબી અધિક્ષક ડો. મોનાલી માકડીયાએ જણાવ્યુ કે વડાપ્રધાનની ઓબેસીટી સામે ઝુંબેશ અંગેની જાહેરાત બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે રાજયમા ઓબેસીટી ફ્રિ કેમ્પેઈન શરુ કરવા જણાવ્યુ હોય જેને પગલે હવે સરકારી હોસ્પીટલમા ઓબેસીટી કલીનીક શરુ કરવામા આવ્યુ છે. ખાનગી ડોકટરો પાસે લાખો રૂપીયાની ફ્રી ખર્ચાતી હોય ત્યારે ગુજરાતની સરકારી હોસ્પીટલમા આ ઓબેસીટી કલીનીકમા નિઃશુલ્ક સેવા મળશે. રાજકોટની પીડીયુ હોસ્પીટલ ખાતે ઓબેસીટી સેન્ટરમાં ખાસ ડાયેટીસીયન ઓપીડી શરુ કરવામા આવી છે જેમા ડાયેટીસીયન અંકિતાબેન રાવલ, મયુરી ઝંઝવાડીયા અને યશ્વીબેન પુર્ણવૈરાગીની નીમણુક કરવામા આવી છે સિવીલ હોસ્પીટલ ઓપીડી બીલ્ડીંગ નં ૧૬ મા સવારે ૯ થી ૧૨.૩૦ સુધી આ ત્રણેય ડાયેટીશીયન સેવા આપશે જેમા ડાયાબીટીસ, બ્લડપ્રેશર, મેદસ્વીતા, અસ્થમા, હ્રદય રોગ, પાચનતંત્રનાં રોગો, લીવર ડીસીઝ સહીતનાં રોગો અંગે દર્દીઆની સારવાર કરવામા આવશે.

# માંગરોળના શેરીયાજબારાની ખાડીમાં ૧૩૩૫ ગ્રામનું ચરસનું પેકેટ મળ્યું

## દરિયાના મોજા સાથે ચરસનું પેકેટ કિનારે આવ્યુંઃ પોલીસે બે લાખની કિંમતનું ચરસ કબજે કરીને ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

માંગરોળના શેરિયાજ બારાની ખાડીમાંથી પોલીસને દરિયામાંથી તણાઈને આવેલું ૧૩૩૫ ગ્રામનું ચરસનું પેકેટ મળી આવતા કબજે કરીને અજાણ્યા શખ્સ સામે ગુન્હો દાખલ કર્યો છે.

માંગરોળ મરીન પોલીસ અને એસઓજીને હકીકત મળી હતી કે, શેરિયાજ બારાની ખાડી વિસ્તારમાં દરિયાકિનારે એક શંકાસ્પદ પેકેટ પડયું છે. જેથી પોલીસે સ્થળ પર આવીને તપાસ કરતા ગુલાબી કલરનું પ્લાસ્ટિકનું એક પેકેટ મળ્યું હતું, જેની અંદર તપાસ કરતા તેમાંથી ચરસ હોવાનું સામે આવ્યું અને વજન કરતા બે લાખની કીમતનું ૧૩૩૫ ગ્રામ ચરસનો (કેનાબીસ) જણાતા તે કબજે કરીને માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ સામે ગુન્હો દાખલ કર્યો છે. આ અગાઉ પણ અનેક વખત આવી જ રીતે દરિયામાંથી ચરસનાપેકેટ તણાઈને આવ્યા હતા.

# વાંકાનેર બાઉન્ડ્રી પાસે બેકાબૂ કારે ફ્રૂટ વેચતા પરિવારને હડફેટે લેતાં એકનું મોત

## પતિનું મોત, પત્ની ઘાયલ, ૧૭ વર્ષની પુત્રીનો ચમત્કારિક બચાવઃ ભરુચ પાસિંગની કારના ચાલકે સર્જ્યો અકસ્માત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલા ટોલનાકા પાસે રોડની બાજુમાં ફ્રૂટની રેંકડી રાખી વેપાર કરતા પરિવાર ઉપર બેકાબૂ કાર કાળ બનીને ફરી વળતાં એક વ્યક્તિનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું જ્યારે એક મહિલાને ઘાયલ અવસ્થામાં સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા.

આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે વાંકાનેરના બોરિયાનેસ ગામે રહેતા હિંમતભાઈ સામાભાઈ ઉગરેજીયા (ઉ.વ.૩૫), તેમના પત્ની ભારતીબેન (ઉ.વ.૩૫) અને પુત્રી તેજલ (ઉ.વ.૧૭) ઉપરોક્ત સ્થળે રસ્તાની સાઈડમાં ફ્રૂટની રેંકડી ઉભા હતા ત્યારે સાંજે પાંચ વાગ્યાના અરસામાં જીજે૧૬ડીએસ-૭૮૫૧ નંબરની ભરૂચ પાસિંગની ગોલ્ડન કલરની વોક્સવેગન કાર પૂરપાટ ઝડપે ધસી આવી રેંકડી ઉપર ફરી વળતાં હિંમતભાઈનું સ્થળ પર જ મૃત્યુ નિપજ્યું હતું. ભારતીબેનને જ્યારે તેમના પત્ની ભારતીબેનને ઈજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. પુત્રી તેજલનો ચમત્કારિક રીતે બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. આ દંપતિ ઘણા લાંબા સમયથી વાંકાનેર બાઉન્ડ્રી પાસે રેંકડીમાં ફ્રૂટનો વેપાર કરતાં હોવાનું ધ્યાને આવ્યું હતું. હિંમતભાઈનું અવસાન થતાં ત્રણ રાખી સંતાનોએ પિતાનું છત્ર ગુમાવ્યું હતું.

# જામનગરમાં ૬ વર્ષની બાળા, રાજકોટમાં ૧૫ વર્ષની તરૂણી સહિત છ ને કોરોના

## છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪ કેસ આવ્યાઃ ૯ દર્દી સાજા થયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગરમાં ૨ અને રાજકોટમાં ચાર કેસ મળી અડધો ડઝન કેસ મળ્યા છે. જ્યારે આજે કોરોનાના કેસ કરતા સાજા થનાર દર્દીઓની સંખ્યા વધુ છે.

રાજકોટ શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના નવા ચાર કેસ મળી આવ્યા છે.બે મહિલા અને બે પુરૂષ સંક્રમિત થયા છે આફ્રિકા કોલોનીમાં ૨૪ વર્ષની યુવતિ, રાધાનગરમાં ૧૫ વર્ષની તરૂણી, રૈયા રોડ ઉપર ૪૦ વર્ષનો યુવાન, શાંતિનગરમાં ૩૭વર્ષનો યુવાન સંક્રમિત થયો છે. જ્યારે આજે ૬ દર્દી સહિત અત્યાર સુધીમાં કુલ ૧૭૮ લોકો સાજા થયા છે અને હજૂ ૩૯ દર્દી સારવાર હેઠળ છે.

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં સંળગ ચોથા દિવસે એક પણ કેસ નોંધાયો નથી. અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૪ કેસ નોંધાયા છે. તેમાંથી ૪૩ દર્દીઓ સાજા થયા છે અને એક માત્ર જસદણમાં એક દર્દી સારવાર હેઠળ છે.

જામનગરમાં તા.૨૩ જુનના રોજ કોરોનાના નવા બે કેસ નોંધાયા છે. જેમાં લીમડા લાઈનમાં એક ૨૪ વર્ષના યુવક અને ખોજાવાડમાં રહેતી ૬ વર્ષની બાળા છે. આ સાથે શહેરમાં કોરોનાની કુલ કેસની સંખ્યા ૧૫૫ થઈ છે અને આજે સાજા થનાર ૩ દર્દીઓ સહિત કુલ સાજા થનારા દર્દીઓની સંખ્યા ૧૨૧ થઈ છે.

# સરગમ ક્લબ સંચાલિત રામનાથપરા મુક્તિધામમાં તા.૨૯ને રવિવાર ના રોજ ૨૫૦૦ અસ્થિનું પૂજન કરાશે

## આગામી તા.૩/૭નાં હરિદ્વાર મુકામે વિસર્જન કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત સરગમ ક્લબ સંચાલિત શહેરના મધ્યમાં રામનાથપરા મુક્તિધામમાં ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૫-જૂન ૨૦૨૫ સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ અપાયા હતા .શહેરના રામનાથપરા મુક્તિધામમાં જાન્યુઆરી થી જૂન સુધીમાં ૨૫૦૦ લોકોને અગ્નિદાહ આપ્યો હતો તેમનો અસ્થી પૂજનનો કાર્યક્રમ તા.૨૯/૦૬/૨૦૨૫ ને રવિવારે સવારે ૯/૦૦ થી ૧૧/૦૦ વાગ્યા સુધી બ્રાહ્મણોએ શાસ્ત્ર વિધિ મુજબ યોજાશે. મૃતકોના તમામ સ્વજનોને સરગમ ક્લબ દ્વારા વ્યક્તિગત પત્ર લખી રવિવારે અસ્થી પૂજન ની વિધી માટે પરિવારના સદસ્યો એ રામનાથપરા મુક્તિધામમાં આવું .સરગમ ક્લબ આગામી તારીખ ૦૩/૦૭/૨૦૨૫ મી ગુરુવાર એ આ

તમામ અસ્થિઓનું વિસર્જન હરિદ્વાર મૂકામે સવારે ૮/૦૦ કલાકે હરકિ પેઠી ઉપર થશે.દરેક મૃતક વ્યક્તિનું નામ બોલી બોલીને અસ્થિઓનું હરિદ્વારમાં વિસર્જન કરાશે ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે,સરગમ કલબના દરેક હોદેદાર સ્વખર્ચે અસ્થિનું વિસર્જન કરવા હરિદ્વાર જશે.

જે પરિવારના વ્યક્તી નાં અવસાન થઇ ગયેલ છે .તેમના પરિવારને કૂરિયર મારફત લેટર મોકલી આપેલ છે .જે પરિવારને અસ્થિ જુદા રાખવા હોય તેમને તા.૨૮/૦૬/૨૦૨૫ સુધીમાં રામનાથપરા મુક્તિધામ ની ઓફિસમાં જાણ કરવા વિનંતિ .જો આપ જાણ નહિ કરોતો તો અમે તમામ ના અસ્થી હરદ્વાર મૂકામે અમો અસ્થિ વિસર્જન માટે સાથે લઇ જશું .કોઈપણ વ્યક્તિ ને આનાં માટે પૂછપરછ કરવી હોય તો ફોન નંબર ૨૨૨૧૯૫૦ / ૨૨૩૭૯૦૦ તેના ઉપર સંપર્ક કરવો.

સમગ્ર અસ્થી પૂજનની વ્યવસ્થા સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા નાં માર્ગદર્શન નીચે અને મુક્તીધામના ઈન્ચાર્જ રમેશભાઈ અકબરી સાથે મનસુખભાઈ ધંધુકિયા અને બંને કલબના તમામ કમિટી મેમ્બર વ્યવસ્થા સંભાળશે.

# ૫ જુલાઈથી પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બદલાયેલા સમય સાથે અમદાવાદને બદલે સાબરમતી સ્ટેશન પર ઊભી રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે, અમદાવાદ ડિવિઝનના અમદાવાદ જંક્શન સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્ય માટે પ્લેટફોર્મ નંબર ૮ પર બ્લોક લેવામાં આવ્યો છે, જેના કારણે અમદાવાદ સ્ટેશન પરથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસનો અમદાવાદ સ્ટેશનનો સ્ટોપેજ ૭૦ દિવસ માટે અસ્થાયી રૂપે રદ કરવામાં આવ્યો છે. તેની વિગતવાર માહિતી નીચે મુજબ છે

ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ૦૫.૦૭.૨૦૨૫ થી ૧૨.૦૯.૨૦૨૫ સુધી અમદાવાદને બદલે સાબરમતી સ્ટેશન પર ઊભી રહેશે. આ ટ્રેન સાબરમતી સ્ટેશન પર કુલ ૧૦ મિનિટ ઊભી રહેશે. આ ટ્રેનનો સાબરમતી સ્ટેશન પર આગમન/પ્રસ્થાનનો બદલાયેલો સમય અનુક્રમે ૦૬૪૮/૦૬૫૮ કલાકે રહેશે.

ઉપરોક્ત ટ્રેનના સમય, સ્ટોપેજ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# ગિરિરાજ પાર્ટી પ્લોટ ખાતે યોગ દિવસની શાનદાર ઉજવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

૨૧ જુન યોગ દિવસે નીમીતે યોગ શિક્ષક પ્રફલાબેન મેર દ્વારા રાજકોટ મ્યુનિસિપલ ના ઉપક્રમે ગરીરાજ પાર્ટી પ્લોટમાં યોગ દિવસ ની શબીર યોજાઈ હતી તેમાં અનેક લોકો એ ભાગ લીધો હતો નોંધનીય છે કે પ્રફુલ અમે દ્વારા દરરોજ નિશુલ્ક યોગા ક્લાસ ચલાવવામાં આવી રહ્યા છે જેમાં અનેક બહેનો ભાગ લઈ રહી છે આ પ્રસંગે અરવિંદભાઈ મેર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

# ગુજરાત પોલીસે શહેરના રસ્તાઓ પર ભીખ માંગવાને સજાપાત્ર ગુનો બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો

## રાજકોટ સહિતના મહાનગરોમાં અમલી બનશેઃ ટ્રાફિક સેફટીનો હેતું, ભીખારીઓના પુનવર્સન ઉપર પણ ધ્યાન રખાશેઃ કર્ણાટક-મધ્યપ્રદેશનું મોડલ સ્વીકારવા તૈયારી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પોલીસે શહેરના રસ્તાઓ પર ભીખ માંગવાને સજાપાત્ર ગુનો બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે જેથી ટ્રાફિકનો પ્રવાહ સુગમ રહે અને નાગરિકોને હેરાનગતિથી બચાવી શકાય. આ દરખાસ્ત મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં સફળ પહેલ પર આધારિત છે જેમાં રાજ્યવ્યાપી અમલીકરણ માટે અનેક વિભાગો સાથે મળીને કામ કરી રહ્યા છે.

વ્યસ્ત સ્થળોએ ભિખારીઓ ટ્રાફિક માટે વધતા જોખમી બની ગયા છે. પ્રસ્તાવિત કાયદાનો ઉદ્દેશ્ય આ સતત સમસ્યાનો માનવીય ઉકેલ પ્રદાન કરીને સુરક્ષિત રસ્તાઓ બનાવવાનો છે. આ પ્રતિબંધ સૌપ્રથમ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં લાગુ થશે અને ત્યારબાદ સમગ્ર રાજ્યમાં તેનો વિસ્તાર થશે. તે ભીખ માંગવાના નેટવર્કમાં ફસાયેલા બાળકો અને સંવેદનશીલ પુખ્ત વયના લોકોના પુનર્વસન સાથે સલામતીની ચિંતાઓનું સંતુલન કરે છે.

એડિશનલ ડીજીપી અજય ચૌધરીએ આ પગલા પાછળના સલામતીના તર્ક સમજાવ્યા. આ ફક્ત સ્વચ્છતા જાળવવા વિશે જ નથી પણ જાહેર સલામતી વિશે પણ છે. ભીડભાડવાળા સ્થળોએ ભીખ માંગવાથી ટ્રાફિકમાં અવરોધ ઉભો થાય છે, જેના કારણે અકસ્માતોનું જોખમ વધે છે. મુસાફરોને ઘણીવાર હેરાનગતિનો સામનો કરવો પડે છે, ભિખારીઓ કારની બારીઓ પર ટકોરા મારે છે, અને કેટલાક કિસ્સાઓમાં ભિક્ષા ન આપવામાં આવે ત્યારે વાહનચાલકોને દુર્વ્યવહાર કરે છે. અમે ખાતરી કરવા માટે પ્રતિબદ્ધ છીએ કે નીતિનો અમલ અસુવિધા વિના અને ભીખ માંગવા માટે મજબૂર કરાયેલા લોકો પ્રત્યે સંવેદનશીલતા સાથે થાય, તેમણે કહ્યું.

આ દરખાસ્ત ટ્રાફિક સિગ્નલો પર આક્રમક વર્તન અને માર્ગ સલામતી પર તેની અસર અંગે વાહનચાલકોની વધતી ફરિયાદોને સંબોધિત કરે છે.

પોલીસ સૂત્રોએ પુષ્ટિ આપી છે કે દરખાસ્તમાં સજા પહેલાં પુનર્વસનનો સમાવેશ થાય છે. રાજ્ય સરકાર સામાજિક ન્યાય વિભાગ, શિક્ષણ વિભાગ અને સાથે મળીને આશ્રય ગળહો અને શૈક્ષણિક સહાય પૂરી પાડી રહી છે.

યોજનાઓમાં વધુ આશ્રય ગળહો બનાવવા, ભીખ માંગનારા માફિયાઓ પર કાર્યવાહી કરવા અને શોષણમાંથી બહાર નીકળવાના રસ્તાઓ બનાવવાનો સમાવેશ થાય છે. ગરીબીને ગુનાહિત બનાવવાને બદલે મૂળ કારણોને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ વર્તમાન પ્રયાસો વિશે જણાવ્યું. અમે અમદાવાદમાં ભીખ માંગવાના કૌભાંડોમાંથી ઘણી સગીર છોકરીઓ અને છોકરાઓને બચાવી લીધા છે અને તેમને શાળાઓમાં દાખલ કરવામાં મદદ કરી છે. અમારી ટીમો તેઓ શાળા છોડી ન જાય તેની ખાતરી કરવા માટે ફોલોઅપ કરશે. નવા કાયદાને લાગુ કરવામાં માનવ તસ્કરી વિરોધી શાખા અને ટ્રાફિક પોલીસ મુખ્ય ભૂમિકા ભજવશે, અધિકારીએ જણાવ્યું.

અમે તાજેતરમાં યુનેસ્કોના અધિકારીઓને મળ્યા હતા જેથી આ ઉપેક્ષિત બાળકોનું રક્ષણ કરવા અને ટ્રાફિક જંકશન પર થતી હેરાનગતિ અંગે નાગરિકોની ચિંતાઓને દૂર કરવા અંગે ચર્ચા કરી શકાય, તેમણે ઉમેર્યું.

ગુજરાત પોલીસે મધ્યપ્રદેશ અને કર્ણાટક સાથે નજીકથી કામ કર્યું છે, જ્યાં સમાન કાયદાઓએ ટ્રાફિકની સ્થિતિમાં સુધારો કર્યો છે. અધિકારીઓ ખાતરી આપે છે કે ગુનેગારો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે, પરંતુ નિરાશાના સાચા કેસોને કાળજીપૂર્વક હેન્ડલ કરવામાં આવશે, સજાને બદલે પુનર્વસન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# ગાયનેક ડોક્ટર એસો. દ્વારા યોજાયેલા વર્કશોપમાં પી.સી.પી.એન.ડી.ટી. અંગે માર્ગદર્શન આપતા આરોગ્ય અધિકારી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આરોગ્ય વિભાગ દ્વારા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ સંબંધે ગાયનેક ડોકટર એશોશીએશનના પ્રેસિડન્ટ ડો.જિજ્ઞાબેન ગણાત્રાના અધ્યક્ષસ્થાને વર્કશોપ યોજાયો હતો.જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ફૂલમાલીએ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.એક્ટ અને સેક્સ રેશીયો જાળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ તકે જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા ઓન લાઇન એન્ટ્રીની સાથે ફીઝીકલ રેકર્ડ નિભાવવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો તેમજ તમામ ગાયનેક હોસ્પિટલોને રજીસ્ટર ફરજીયાત અને સમયસર નિભાવવા અપીલ કરી હતી. સામાજિક ઉત્કર્ષ માટે ગાયનેક તબીબો દ્વારા કઇ રીતે સહકાર આપી શકાય તે વિષે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

વર્કશોપમાં જિલ્લા એપેડેમિક મેડીકલ ઓફિસર ડો.અરવિંદ અસ્થાના તથા રાજકોટ જિલ્લાના કુલ ૫૦થી વધુ ગાયનેક ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા.

# ડ્રગના દુરુપયોગ અને ગેરકાયદેસર તસ્કરી નિષેધનો આંતરરાષ્ટ્રીય દિવસ-૨૬ જુન

### રાજકોટમાં 'નશામુક્ત ભારત અભિયાન' હેઠળ ૨૬ જૂને સેમિનાર યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દર વર્ષે ૨૬ જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય ડ્રગના દુરૂપયોગ અને ગેરકાયદેસર તસ્કરી નિષેધ દિવસ'ની ઉજવણી કરાય છે. જે નિમિત્તે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના 'નશામુક્ત ભારત અભિયાન' હેઠળ વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરાય છે. જેના ભાગરૂપે નશાકારક પદાર્થો અને કેફી દ્રવ્યોનો દુરૂપયોગ અટકાવવાના હેતુસર તથા ડ્રગ્સના જોખમો અંગે જાગૃત કરવા માટે શાળાઓ, કોલેજો, કાર્યસ્થળ, જાહેર સ્થળો પર વિવિધ કાર્યક્રમો યોજાશે. જે અન્વયે રાજકોટ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા તા. ૨૬ જૂનના રોજ રાજકોટ શહેરમાં ગોંડલ રોડ પર પી.ડી.એમ. કોલેજ ખાતે સવારે ૦૯૩૦ કલાકે સેમિનાર યોજાશે. જેમાં સમાજ સુરક્ષા, બાળસુરક્ષા, પોલીસ, એન.એસ.એસ. કચેરીના અધિકારીઓ અને બ્રહ્માકુમારી સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે, તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

### સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા

# ગંદકી ફેલાવતા ૪૧ આસામીઓ પાસેથી રૂ.૧૧૪૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો

### તા.૧૬થી તા.૨૧ દરમ્યાન ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી હાથ ધરાઈ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૧૬/૦૬/૨૦૨૫ થી ૨૧/૦૬/૨૦૨૫ એમ કુલ ૬ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૧૬/૦૬/૨૦૨૫ થી ૨૧/૦૬/૨૦૨૫ એમ કુલ ૬ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૪૧ આસામીઓ પાસેથી રૂ ૧૧૪૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્પો નાકટર/ સેનેટરી સબ ઈન્પે ૂ કટર દ્વારા કરવામાં આવેલ.

# રાજકોટનાં ચાર જળાશયોમાં નવા નીરનાં વધામણા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં તેમજ ઉપરવાસમાં વરસાદ વરસતા રાજકોટ સિંચાઈ વર્તુળ પુર એકમ રાજકોટ હસ્તકના રાજકોટ જિલ્લાનાં ચાર જળાશયોમાં છેલ્લા ૨૪ કલાકમાં પાણીની આવકમાં વધારો થયો છે. જે મુજબ આજી-૩ મા ૦.૫૨ ફૂટનો વધારો થયો છે, ન્યારી-૨ જળાશયમાં ૦.૬૬ ફૂટનો વધારો થયો છે, ભાદરમાં ૦.૧૬ ફૂટનો વધારો થયો છે તેમજ ફોફળ જળાશયમાં ૦.૩૦ ફૂટ પાણીનો વધારો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પડેલા વરસાદથી જિલ્લાનાં જળાશયોમાં નવા નીરનાં વધામણા થયા છે.

# રાજકોટ જિલ્લાના ખેડૂતો નિદર્શન હેઠળના ઘટકોની સહાય માટે ૧ જુલાઈ સુધી આઈ-ખેડુત પોર્ટલ પર અરજી કરી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના ખેડુતો ખેતીવાડી ખાતાની વિવિધ યોજના હેઠળના નિદર્શન ઘટકો માટે આઇ ખેડુત પોર્ટલ પર તા. ૦૧-૦૭-૨૦૨૫ સુધી ખેડુતો ઓનલાઇન અરજી કરી શકશે.

જે માટે રાજકોટ જિલ્લાના ખેડુતોએ આ નિદર્શન ઘટકોમાં લાભ મેળવવા માટે ઓનલાઇન અરજી કરવા અને અરજીની નકલ પોતાની પાસે રાખવાની નોંધ લેવા રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ રોમાંચક તબક્કામાં

### ટેસ્ટ વિજય માટે ઈંગ્લેન્ડને ૩૫૦ રન, ભારતને ૧૦ વિકેટની જરૂર

**મુખ્ય સમાચાર, ઈંગ્લેન્ડ**





ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચનો ચોથો દિવસ પૂરો થયો છે. ભારતનો બીજો દાવ ૩૬૪ રનમાં ઓલઆઉટ થઈ ગયો હતો અને તેણે ઈંગ્લેન્ડ માટે ૩૭૧ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો અને કુલ ૩૭૦ રનની લીડ મેળવી હતી.

સ્ટમ્પ્સ સુધીમાં, ઈંગ્લેન્ડે બીજા દાવમાં કોઈ પણ નુકસાન વિના ૨૧ રન બનાવ્યા છે અને હવે તેને પાંચમા અને અંતિમ દિવસે વધુ ૩૫૦ રન બનાવવાના છે. દિવસની રમતના અંત સુધીમાં, જેક ક્રોલી ૧૨ રન અને બેન ડકેટ ૯ રન સાથે ક્રીઝ પર હતા.

જો ભારતે આ મેચ જીતવી હોય, તો તેને આજે ઈંગ્લેન્ડની બધી ૧૦ વિકેટો ગુમાવવી પડશે. ભારતને પ્રથમ દાવમાં શાનદાર પ્રદર્શન કરનારા જસપ્રીત બુમરાહ પાસેથી ઘણી આશાઓ રહેશે. તે જ સમયે, ઈંગ્લેન્ડને જીતવા માટે ઝડપથી રન બનાવવા પડશે. જોકે, તેમની પાસે આવતીકાલે આખો દિવસ હશે.

ચોથા દિવસની રમતના અંત સુધીમાં, બેન સ્ટોક્સની ટીમે કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના ૨૧ રન બનાવી લીધા છે. હાલમાં, જેક ક્રોલી ૧૨ રન અને બેન ડકેટ ૯ રન સાથે ક્રીઝ પર છે. તેમને જીતવા માટે હજુ ૩૫૦ રન બનાવવાના છે.

ભારતનો બીજો દાવ ૩૬૪ રનમાં ઓલઆઉટ થઈ ગયો હતો. કેએલ રાહુલ અને ઋષભ પંતની સદીની મદદથી ભારતે ૩૭૦ રનની લીડ મેળવી અને ઈંગ્લેન્ડ સામે ૩૭૧ રનનો લક્ષ્યાંક મૂક્યો. ભારત માટે બીજી દાવમાં, પંત અને રાહુલે ચોથી વિકેટ માટે ૧૯૫ રનની ભાગીદારી કરી, જેના કારણે ટીમને ઈંગ્લેન્ડ માટે પડકારજનક લક્ષ્યાંક નક્કી કરવામાં મદદ મળી. જોકે, પંત અને રાહુલ પેવેલિયનમાં પાછા ફર્યા બાદ, ભારતનો દાવ ખોરવાઈ ગયો અને પછીના બેટ્સમેન પ્રભાવિત રમત રમી શક્યાં નહીં.

ભારતે ચોથા દિવસે બે વિકેટે ૯૦ રનથી રમવાનું શરૂ કર્યું હતું, પરંતુ ટીમે શરૂઆતમાં જ કેપ્ટન શુભમન ગિલની વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી, પંત અને રાહુલે શાનદાર બેટિંગ કરી અને ઈંગ્લેન્ડના બોલરોને ખૂબ મુશ્કેલીમાં મુક્યા. ટી બ્રેક પહેલા, ભારતે પંતની વિકેટ ગુમાવી દીધી જે ૧૧૮ રન બનાવીને આઉટ થયો હતો. આ પછી, રાહુલે ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે પણ ૧૩૭ રન બનાવીને આઉટ થયો. રાહુલ પેવેલિયન પરત ફરતાની સાથે જ ભારતીય બેટ્સમેનોને રન બનાવવા માટે સંઘર્ષ કરવો પડ્યો.

જોશ ટોંગે પોતાની એક ઓવરમાં ભારતને ત્રણ ઝટકા આપ્યા. ભારતે પોતાની બાકીની છ વિકેટ ૩૧ રનમાં ગુમાવી દીધી. પહેલી ઈનિંગમાં પણ આવું જ જોવા મળ્યું જ્યારે ભારતે પોતાની છેલ્લી સાત વિકેટ ૪૧ રનમાં ગુમાવી દીધી.

પંત અને રાહુલ ઉપરાંત, કરુણ નાયરે ૨૦ અને શાર્દુલ ઠાકુરે ૪ રન બનાવ્યા, જ્યારે રવિન્દ્ર જાડેજા ૨૫ રન બનાવીને અણનમ રહ્યો. મોહમ્મદ સિરાજ, જસપ્રીત બુમરાહ અને પ્રસિદ્ધ કૃષ્ણા ખાતું પણ ખોલી શક્યા નહીં. ઈંગ્લેન્ડ તરફથી, બ્રાઇડન કેરી અને ટોંગે ત્રણ-ત્રણ વિકેટ લીધી, જ્યારે શોએબ બશીરે બે વિકેટ લીધી. તે જ સમયે, ક્રિસ વોક્સ અને બેન સ્ટોક્સને એક-એક વિકેટ મળી.

# રાજકોટમાં નારી સંરક્ષણ ગૃહ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

### મહિલાઓને શારીરિક-માનસિક સ્વાસ્થ્ય માટે યોગનું મહત્વ સમજાવાયું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજકોટના નારી સંરક્ષણ ગૃહ ખાતે જિલ્લા મહિલા અને બાળ અધિકારી તથા દહેજ પ્રતિબંધક રક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મહિલા સહાય-તા કેન્દ્ર (P.B.S.C.), DHEW અને ૧૮૧ સહિતના સ્ટાફ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ્ય નારી સંરક્ષણ ગૃહમાં આશ્રિત બહેનોને યોગના મહત્વ અને તેના સ્વાસ્થ્ય લાભો વિશે જાગૃત કરવાનો હતો.

યોગ દિવસની ઉજવણી સાથે મહિલાઓને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનું મહત્વ પર સમજાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ યોગના વિવિધ આસનો અને પ્રાણાયામનો અભ્યાસ કર્યો હતો. આ આયોજન મહિલા સહાયતા કેન્દ્ર- રાજકોટ અને મહિલા પોલીસ સ્ટેશનના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# જામનગરના નવાગામ ઘેડના યુવાનની પૂર્વ પત્નીએ બે શખ્સો સાથે મળી યુવાનનું ઢીમ ઢાળી દીધુ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના નવાગામ ઘેડ ઈન્દિરા સોસાયટીમાં રહેતા યુવાનના પત્ની સાથે છુટાછેડા થયા બાદ પુર્વ પત્નીને ફોન કરતા પત્ની સાથે રહેતા શખ્સે તેના મિત્ર સાથે મળી યુવાન ઉપર લોખંડની કોસ અને દાંતરડા વડે હુમલો કરી હત્યા નિપજાવ્યાના બનાવમાં પોલીસે બે શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ આરંભી હતી.હત્યાના બનાવની વિગત મુજબ, જામનગર શહેરમાં નવાગામ ઘેડમાં આવેલી ઈન્દિરા સોસાયટી શેરી નંબર-૭માં રહેતો મિલનભાઈ હેમંતભાઈ પરમાર નામના યુવાનના તેની પત્ની સાથે છુટાછેડા થઈ ગયા હતાં ત્યારબાદ યુવાનની પત્ની સંતાનો સાથે મયુર ગોહિલ નામના શખ્સ સાથે રહેતી હતી દરમિયાન સિકયોરિટીમાં નોકરી કરતા મિલનભાઈએ તેની પુર્વ પત્ની દક્ષાબેનને મોબાઈલ ફોન કર્યો હતો.

જેથી પૂર્વ પત્ની સાથે રહેતા મયુર ગોહિલ અને સંજય નામના બે શખ્સોએ મધ્ય રાત્રિના સમયે મિલનના ઘરે આવ્યા હતાં ત્યારબાદ મિલન સાથે ઉગ્ર બોલાચાલી થયા બાદ ઉશ્કેરાઈને મિલનભાઈને તું મારી ઘરવાળી દક્ષાને કેમ ફોન કરે છે? તેમ કહી ઢીકાપાટુનો માર મારી ગુપ્તભાગમાં ઈજા પહોંચાડી હતી તેમજ બન્ને શખ્સોએ ઘરમાં પડેલી લોખંડની કોસ અને દાંતરડા વડે મિલન ઉપર જીવલેણ હુમલો કર્યો હતો.

મિલન ઉપર બે શખ્સો દ્વારા હુમલો કરતા તેને બચાવવા પડેલા અશોકભાઈ ઉપર પણ કોસ વડે હુમલો કર્યો હતો. મિલનભાઈ ઉપર હુમલો કરતા બેશુધ્ધ થઈ ઘરમાં જ ઢળી પડયા હતાં અને ત્યારબાદ બન્ને શખ્સો બાઈક પર નાશી ગયા હતાં. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા ૧૦૮ ની ટીમે સ્થળ પર પહોંચી મિલનભાઈને તપાસતા મોત નિપજયાનું જાહેર કર્યુ હતું. બાદમાં પોલીસમાં જાણ કરાતા પીઆઈ પી પી ઝા સહિતનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. જ્યાં પરિવારજનો દ્વારા હત્યાનો આક્ષેપ કરાયો હતો. પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી આગળની તપાસ હાથ ધરતા મિલનભાઈ અને તેની પત્ની દક્ષાબેન વચ્ચે અવાર-નવાર બોલાચાલી અને ઝઘડો થતો હોવાથી છ માસ પુર્વે જ બન્નેના છુટાછેડા થઈ ગયા હતાં. ત્યારબાદ દક્ષાબેન સંતાન સાથે તેના મિત્ર મયુર ગોહિલના મધુરમ સોસાયટીમાં આવેલા મકાને રહેવા ચાલ્યા ગયા હતાં અને મિલને પુર્વ પત્ની દક્ષાબેનને ફોન કરતા બન્ને શખ્સોએ હત્યા નિપજાવ્યાની મૃતક મિલનભાઈના ભાણેજ યશ ગોહિલ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી. જેના આધારે પોલીસે બે શખ્સો વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી હત્યારાઓની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા હતાં.

# કાલે જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સુધી જશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વાસદ-રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નં. ૬૨૪ પર રી-ગર્ડરિંગ કાર્ય માટે ૨૫ જૂન, ૨૦૨૫ ના રોજ મેગા બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ મંડળમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. વિગતો નીચે મુજબ છે

આંશિક રીતે રદ થયેલી ટ્રેનઃ ૨૫ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. માર્ગમાં મોડી પડનારી ટ્રેનઃ ૨૫ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૨૪૭૭ જામનગર-શ્રી માતા વૈષ્ણો દેવી કટરા એક્સપ્રેસ માર્ગમાં ૫૦ મિનિટ મોડી પડશે. ટ્રેનના સ્ટોપેજ, કોચની સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે મુસ-ાફરો કૃપા કરીને વેબસાઇટ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને પી.જી.વી.સી.એલ.ને લગતા પ્રશ્નો મોકલી આપવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર-ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નોનાં નિરાકરણ માટે અવાર-નવાર ઓપન હાઉસ યોજવામાં આવે છે. ત્યારે વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને વિજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પી.જી.વી.સી.એલ.ના મેનેજીંગ ડિરેકટર તથા વિવિધ ડિવીઝનોના અધિકારીઓ સાથે આગામી જુલાઈ માસની તા.૦૧ થી ૦૫ ની વચ્ચે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવનાર છે.

આથી વેપાર-ઉદ્યોગકારો અને આમ જનતાને પીજીવીસીએલને લગતા કોઈપણ પ્રશ્નો-સુચનો હોય તો તે તા.૩૦-૦૬-૨૦૨૫ સુધીમાં રાજકોટ ચેમ્બર ઓફિસ, સેન્ટ પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે લેખિતમાં અથવા ઈ-મેઈલ (rajkotchamber@yahoo.co.in), વોટસએપનં. ૭૩૮૩૧૨૭૪૦૦ ઉપર મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. જેથી આવા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવી શકાય. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

# ખાદ્યપદાર્થમાં ભેળસેળના મામલે કૈલાશભાઈ દાબેલીવાળાને રૂ.૧ લાખનો દંડ ફટકારતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર કે.એમ.રાઠોડ દ્વારા તા.૦૫-૦૫-૨૦૧૪ ના રોજ ''કૈલાશભાઈ દાબેલીવાળા (લારી)'' સ્થળ રેહ. ચામુંડા કૃપા બ્રહ્માણીયાપરા નં.૨, શ્રીરામ ડેરીની સામે, રાજકોટ મુકામેથી ''દાબેલી મસાલો (લુઝ)'' નો નમુનો સાક્ષીપંચની હાજરીમાં લેવામાં આવેલ. ફૂડ એન્ડ ડ્રગ લેબોરેટરી વડોદરાના ફૂડ એનાલિસ્ટ દ્વારા આપયેલા રિપોર્ટમાં સદરહુ નમૂનામાં કાયદામાં પ્રિપેર્ડ ફૂડમાં પ્રતિબંધિત ''સિન્થેટીક ફૂડ કલર કોલટાર કલર અને ડાય ની હાજરી મળી આવેલ હોવાથી નમૂનો ''અનસેફ ફૂડ'' જાહેર કરવામાં આવેલ. જેથી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ અને તે હેઠળના નિયમાનુસાર કાર્યવાહી કરી નામદાર મ્યુનિસિપલ કોર્ટ રાજકોટ સમક્ષ રાજકોટ મહાનગરપાલિકા તરફે ફૂડ સેફ્ટી ઓફિસર કે.એમ.રાઠોડ દ્વારા ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ. સદરહુ કેસ ચાલી જતાં નામદાર જ્યુ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ -મ્યુનિસિપલ કોર્ટ દ્વારા તમામ દસ્તાવેજી પુરાવા તથા રજૂઆતને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકા તરફે ચુકાદો આપતા નામદાર મેજીસ્ટ્રેટ નેહાબેન ટી. કારીયા સાહેબે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ ની કલમ-૫૯(i) હેઠળ તકસીરવાન ઠરાવી કિશોરભાઈ પ્રાણનાથ ઓગળ (નમૂનો આપનાર ફૂડ બિઝનેશ ઓપરેટર- પેઢીના માલિક) ને ''કુલ રૂ.૧,૦૦,૦૦૦ તથા TILL RISING OF THE COURTના દંડની સજા કરવામાં આવી છે. અને જો દંડ ન ભરવામાં આવે તો વધુ ૧ માસની કેદની સજાનો હૂકમ કરેલ છે.

આ સિવાય આજે ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના ભગવતીપરા મેઈન રોડ તથા રૈયાધાર મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૪૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૨૨ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૨૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મેટોડામાં ઈટોના ભઠ્ઠા પાસે ૧ કિલો ગાંજાના જથ્થા સાથે બિહારનો શખ્સ ઝડપાયો

### ૨૨ હજારનો મુદામાલ જપ્તઃ સપ્લાયરની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જીલ્લામાં નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ કરતા ઈસમો પર વોચ રાખવાની સુચના અન્વયે મેટોડા પોલીસે ઈટોના ભઠ્ઠા પાસેથી ૧ કિલો ગાંજાના જથ્થા સાથે બિહારના શખસને દબોચી રૂ.૨૨ હજારનો મુદામાલ કબજે કરી કયાંથી લાવ્યો અને કોને સપ્લાય કરવાનો હતો તે અંગે તપાસ હાથ ધરી છે.

મેટોડા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મેટોડા ગામ જવાના રસ્તે ઈટોના ભઠ્ઠા પાસેથી ગાંજાના જથ્થા સાથે એક ઈસમ પસાર થવાનો હોવાની બાતમી આધારે ટીમે વોચ ગોઠવી હતી દરમ્યાન શખસ પસાર થતા તેને અટકાવી નામઠામ પૂછતા મૂળ બિહારનો હાલ મેટોડા જીઆઈડીસી ગેઈન નં ૩માં રહેતો કુંદનકુમાર પવન શાહ ઉ.૨૫ હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે શખસ પાસે રહેલ થેલાની ઝડતી લેતા તેમાંથી ૧ કિલો ૭૨૨ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસે જથ્થો સહિત ૨૨,૨૨૦નો મુદામાલ કબજે કરી કયાંથી લાવ્યો અને કોને સપ્લાય કરવાનો હતો તે જાણવા તપાસ યથાવત રાખી છે.

# સંતોષ પાર્કમાં પરિણીતા પર દંપતિનો હુમલોઃ સમજાવવા ગયેલા પતિને પણ માર માર્યો

### ફ્રેન્ડશીપ મામલે માથાકૂટ થઈ 'તી; સામાપક્ષે મહિલાએ પણ મારમાર્યાની વળતી ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાણાવટી ચોક પાસે સંતોષ પાર્કમાં રહેતા સબેન થુભાઈ પંડયા(ઉ.વ.૪૫)સાથે જૂના બાબતે થયેલી માથાકૂટ મામલે વિમલ ભાનુંશંકર પંડયા અને તેની પત્ની જીજ્ઞાસાએ બંસીબેન અને તેમના પતિ સાથે ઝઘડો કરી બેફામ મારમાર્યો હતો.આ મામલે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

ગઈ તા. ૨૨/૦૫ના રોજ રાત્રીના હું નોબલ શાળા વાળા વિસ્તારના સંતોષપાર્ક મેઈન રોડ પર વોર્કીંગ કરતી હતી તે દરમ્યાન મારા વિમલભાઈ ભાનુશંકર જોષી જે બાઈક પર તેમજ તેમના પત્ની જીગનાશાબેન એકટીવા લઈ મારી પાસે રસ્તા પર આગળ ઉભા રહી આ મારા ફ્રેંડ વિમલ જોશીએ મને કહેલ કે તું મારી પત્નિ જીગનાશાને કેમ ગાળો આપે છે તેમ કહી આ વિમલની પત્નિ એ પોતાની એક્ટીવા મારા પગ પર ભટકાડી અને ધક્કો મારતા હું ત્યાં ફુટ પાથ પર પડી ગયેલ અને આ બંને માણસો એ મને ઢીકાપાટુનો માર મારેલ અને મારા દીકરાએ મારા પતિ ને બોલાવ્યા હતા અને મેં ૧૦૦ નંબર પર ફોન કરેલ અને આ દરમ્યાન આ વિમલ તથા જીગનાશા તેમનુ બાઈક લઈ તેના ઘર તરફ ગયેલ અને ત્યાં મારા પતિ આવેલ અને હું તથા મારા પતિ આ વિમલને સમજાવવા તેની પાછળ ગયો તો આ વિમલ તથા જીગનાશા બંને ગ્રીન સીટીના રોડ પર મળેલ અને મારા પતિ તેને સમજાવ- તા આ બંને પતિ પત્નિ બંનેએ મારા પતિ મયુરને ઢીકાપાટુનો માર મારી રોડ પર પછાડી દીધો હતો. આ વિમલ જોષીએ અગાઉ મારી સાથે તા. ૨૩/૦૫ના રોજ માથાકૂટ કરેલ અને ત્યારે ૧૮૧ બોલાવી સમાધાન કરેલ હતુ જેનુ પણ મનદુખ રાખી અને મને તેને ફોનમાં ઘણીવખત ધાક ધમકી મારેલ અને આજરોજ આ વિમલે મને કહે લ કે મારી સાથે ફ્રેન્ડશીપ હતી તે ભૂલીજજે અને હવે અમારા બંનેના સંસાર વચ્ચે આવીશ તો તને મારમારીશ અને ટાંટીયા ભાંગી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જ્યારે સામાં પક્ષે જીજ્ઞાસાબેન વિમલભાઈ જોષી (ઉ.વ ૪૧) એ ફરિયાદમાં બંસીબેન અને તેમના પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે,હું આર.એમ.સી. પ્રોજેક્ટ બ્રોંચમાં

એન.યુ.એલ.એમ મેનેજર તરીકે કામ કરુ છુ.ગઈ તા.૨૨/૦૫ ના રોજ રાત્રીના હું તથા મારા પતિ એમ બંને બાઈક ચલાવીને જતાં હતાં. ત્યારે નોબલ શાળા વાળા વિસ્તારના સંતોષપાર્ક મેઈન રોડ પર જતાં હતાં તે દરમ્યાન પતિની જૂની ફ્રેન્ડ બંશી પંડયા રોડ ઉપર ચાલીને જતી હતી અને તે મને જોઈ જતાં ગાળો દેવા લાગેલ અને જેથી હું મારુ બાઈક પાછુ વાળી અને તેની પાસે ગયેલી અને મેં ત્યાં મારુ બાઈક ઉભુ રાખી તેને ગાળો બોલવાની ના પાડતા આ બંશી મારી સાથે જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગેલ અને મારા વાળ પકડી મને ધક્કા મુક્કી કરવા લાગ્યા હતા અને ત્યારે આ પતિએ મને વધુ મારમાંથી છોડાવેલ અને ત્યાં બંશી નો પતિ પોતાની કાર લઇને અમારી આગળ ઉભી રાખી દીધેલ પોતાની કારમાંથી ઉતરી અને મારા પતિને ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. ત્યારે ભરવાડને બોલાવી ને તને મરાવી નાખવો છે તેમ મારા પતિને આ મયુર પંડયા કહેવા લાગેલ હતો.આ મામલે ફરિયાદ નોંધાવી હતી.

# શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવતઃઆખલાએ મહિલાને ઢીકે ચડાવતા ઈજા

### સોશ્યલ મીડિયામાં વીડિયો વાયરલ થતા તંત્રની ઘોર બેદરકારી ખુલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યભરમાં રખડતા ઢોર મામલે હાઈકોર્ટે સરકારની આકરી ઝાટકણી કાઢયા બાદ રાજ્ય સરકાર દ્વારા રખડતા ઢોર અંગે ગાડલાઇન બહાર પાડી કાર્યવાહી હાથ ધરી છે. આમ છતા શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત હોય તેમ અવાર નવાર આખલાની ઠોકરે ચડી જતા નિર્દોષ વાહન ચાલકના જીવ જઈ રહ્યા છે. હજુ થોડા દિવસ પહેલા જ નવાગામ નજીક હાઈવે પર આખડતા ખૂટીયાની ઠોકરે ચડી જતા વૃધ્ધનું ઘટના સ્થળે જ મોત નીપજતા ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરની ભાગોળે ખોખડદડ ગામે આખલાએ મહિલને ઠોકરે ચડાવતા ઈજા થઈ હતી. જાણવા મળતી વિગત મુજબ શહેરની ભાગોળે કોઠારીયા રોડ પર આવેલા ખોખડદડ ગામે રહેતી મહિલા ઘરે પાસે શેરીમાં કોઈ કામ કરતી હતી. ત્યારે અચાનક ત્યા નજીક ઉભેલા આખલાએ દોડી આવી પાછળથી ઠોકર મારતા મહિલા પડી ગયા હતા. બનાવની જાણ થતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને આખલાને દુર ભગાડી મહિલાને ઉભા કરી સારવાર માટે નજીકના દવાખાને લઈ જવામાં આવ્યા હતા.

# રાજકોટના બેન્ક કર્મચારી અને ચોટીલાના વેપારીનું હાર્ટ એટેકથી મૃત્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોટીલામા ફરસાણનાં વેપારી અને રાજકોટમાં યુનીયન બેંક ઓફ ઈન્ડીયાનાં કોમ્પ્યુટર ઓપરેટરનુ હૃદય રોગનાં હુમલાથી મોત નીપજતા બંને પરીવાર શોકમા ગરકાવ થઈ ગયો હતો.

આ અંગેની મળતી વિગત મુજબ ચોટીલામા આવેલ યોગીનગર પાસે રહેતા રોહીતભાઈ અતુલભાઈ પરમાર (ઉ.વ. ૨૬) મધરાત્રે પોતાનાં ઘરે હતા. ત્યારે શ્વાસ ચડતા તાત્કાલીક સારવાર માટે ચોટીલા બાદ રાજકોટ સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યા હતા. જયા ફરજ પરનાં તબીબે જોઈ તપાસી યુવકનુ હૃદય રોગનાં હુમલાથી મોત નીપજયુ હોવાનુ જાહેર કરતા પરીવારમા ગમગીની છ્વાઈ જવા પામી હતી. પ્રાથમીક પુછપરછમા મૃતક યુવાન બે ભાઈ એક બહેનમા મોટો અને અપરણીત હતો. અને ફરસાણની દુકાન ચલાવી પરીવારને આર્થીક મદદ કરતો હોવાનુ જાણવા મળ્યુ છે.

જામનગર રોડ પર આવેલા પરસાણાનગરમાં રહેતા વિજયભાઈ બાબુભાઈ નારોલા (ઉ.વ. ૪૫) પોતાનાં ઘરે સુતા હતા. ત્યારે નીંદ્રાધીન વિજયભાઈ નારોલાને વહેલી સવારે સાડા ચારેક વાગ્યાનાં અરસામા હૃદય રોગનો હુમલો આવી જતા બેભાન હાલતમા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડાયા હતા. જયા તેમની સારવાર કારગત નીવડે તે પુર્વે મોત નીપજતા પરીવ- ારમા ગમગીની છ્વાઈ જવા પામી હતી.

પ્રાથમીક પુછપરછમા મૃતક વિજયભાઈ નારોલા બે બહેનોનાં એકનાં એક ભાઈ હતા અને તેમને સંતાનમા એક પુત્ર અને એક પુત્રી છે વિજયભાઈ નારોલા યુનીયન બેંક ઓફ ઈન્ડીયામા કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા હતા. ક્રિકેટ રમીને આવ્યા બાદ સુઈ ગયા હતા. અને નીંદ્રાધીન વિજયભાઈ નારોલાનુ હૃદય રોગનાં હુમલાથી મોત નીપજયુ હોવાનુ જાણવા મળ્યુ છે ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં રોગચાળો વકર્યો નવા ૧૮૨૧ કેસઃ ડેંગ્યુ, ટાઈફોઈડ, કમળાના ૭ કેસ



### શરદી, ઉધરસના રોગોમાં ઉછાળોઃ સરકારી ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની લાઈનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચોમાસુ સિઝનમાં રોગચાળો વધે તેવા સંજોગો દેખાઈ રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી વાદળીયુ વાતાવરણ છે ત્યારે આ સમયમાં ડેંગ્યુનો નવો એક કેસ આવ્યો છે. તો અન્ય સિઝનલ રોગચાળાના પણ ૧૮૨૧ કેસ નોંધાતા આરોગ્ય વિભાગની દોડાદોડી ચાલુ રહી છે. તેમાં ખોરાક અને પાણીજન્ય ટાઈફોઈડનો એક તથા કમળાના પણ પાંચ નવા દર્દી સામેલ છે. આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલા રીપોર્ટ મુજબ તા.૧૬-૬થી તા.૨૨-૬ના અઠવાડિયા દરમ્યાન શહેરમાં ડેંગ્યુનો એક કેસ નોંધાયો છે. મેલેરીયા અને ચીકનગુનીયાના કોઇ નવા દર્દીની નોંધ થઇ નથી. અઠવાડિયામાં શરદી-ઉધરસના ૭૦૩, સામાન્ય તાવના ૮૯૧ અને ઝાડા-ઉલ્ટીના ૨૨૦ દર્દીની નોંધ થઈ છે. આ સિવાય આ વર્ષે વધેલા ખોરાક અને પાણીજન્ય રોગચાળા વચ્ચે ખતરનાક તાવ ટાઈફોઈડનો એક અને કમળાના પાંચ નવા કેસ આવ્યા છે. ગત અઠવાડિયાની સરખામણીએ રોગચાળામાં કોઇ ઘટાડો થયો નથી પરંતુ ખાનગી દવાખાનાઓમાં પણ હવે દર્દીઓની લાઇન વધતી હોય તેવું દેખાઈ રહ્યું છે. આ વર્ષે ટાઇફોઇડ અને કમળાના કેસમાં ચિંતાજનક વધારો થયો છે પણ ઉલ્લેખનીય છે વર્ષમાં ટાઇફોઇડના કુલ ૫૩ અને કમળાના ૭૦ દર્દી નોંધાઈ ચૂક્યા છે.

દરમ્યાન મેલેરીયા શાખાએ જણાવ્યું હતું કે, ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. આ રોગચાળા દ્વારા

ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા વાહક નિયંત્રણની કામગીરી હેઠળ સપ્તાહમાં ૫૦,૭૫૩ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૧૯૮ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવ સમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

બીજી તરફ ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન,દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળે તો દંડ અને નોટીસની કાર્યવાહી ચાલુ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૬૬૫ સ્થળે મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં રહેણાંકમાં ૧૦૯ અને કોર્મશીયલમાં ૧૯૦ આસામીને નોટીસ આપવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું.

# કોઠારીયા સોલવન્ટમાં પતિના અનૈતિક સબંધથી કંટાળી પત્નીનો આપઘાતનો પ્રયાસ

### જંગલેશ્વરમાં ગૃહકલેશથી કંટાળી પરિણીતાએ ફિનાઈલ પીધુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




શહેરની ભાગોળે ગોંડલ રોડ પર આવેલા કોઠારીયા સોલવન્ટમાં રહેતી પરિણીતાએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેણીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે. પતિને અન્ય યુવતી સાથે આડાસંબંધ હોય જેથી આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યું છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ કોઠારીયા સોલવન્ટમાં રસુલપરા શેરી નં.૫માં રહેતી આરતી સમીરભાઈ પરમાર (ઉ.વ.૨૫)નામની પરિણીતાએ આજે સવારે પોતાના ઘરે ફિનાઈલ પી લેતા તેને સારવ- ાર માટે સિવિલ હોસિપટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી તાલુકા પોલીસે ને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં આરતીના લગ્ન ૭ વર્ષ પહેલા થયા હોવાનુ અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. પતિને અન્ય યુવતી સાથે આડાસંબંધ હોવાની જાણ થતા તેણીએ આ પગલુ ભરી લીધાનુ ખુલવા પામ્યું છે.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં જંગલેશ્વરમાં સ્વાઝા એપાર્ટમેન્ટમાં રહેતી નસીમબેન પરવેઝભાઈ (ઉ.વ.૩૦)નામની પરિણીતાએ ગૃહકલેશથી કંટાળી આજે સવારે પોતાના ઘરે ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે..

# માલીયાસણ ગામે બંધ મકાનમાંથી એક લાખની મતાની ચોરી

### નોકરી પરથી આવેલા વૃધ્ધે મકાનના તાળા તુટેલા અને સામાન વેરવિખેર જોતા નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માલીયાસણ ગામ આઈસરના શોરૂમની બાજુમાં નવલભાઈ અગ્રાવતની વાડીમાં રહેતા પ્રભાભાઈ ભીમાભાઈ સાદરીયા(ઉ.વ.-૬૦)ના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને દાગીના અને રોકડ સહિત રૂ.૧ લાખની ચોરી થયાની ફરિયાદ કુવાડવામાં કરી હતી.

પ્રભાભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું છુટક મજુરી કામ તથા ખેતમજુરી કામ કરી મારૂ તથા મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છુ. મારી પત્નિ હંસા બેન છે જેઓ અમદાવાદ- રાજકોટ હાઈવે રોડ ઉપર માલીયાસણ ગામથી આગળ રામધામ આશ્રમ પહેલા દ્વારકાધીશ હોટલ પહેલા વી.પી. મોટર્સ ખાતે જમવાનુ બનાવવા જાય છે.તેમજ હુ તથા મારી પત્નિ તથા મારા દિકરાની મોટી દિકરી ચંદ્રીકા એ રીતના અમો બધા સાથે રહીએ છીએ. ચંદ્રીકા અને મારી પત્નિ જે જગ્યાએ જમવાનુ બનાવવા જાય છે તેની બાજુમાં ખાખરા બનાવવા માટે જાય છે. અહીં અમે બધા છેલ્લા ચારેક વર્ષથી રહીએ છીએ. તા. ૨૨/૦૬ના સવારના હુ બંસલ પેટ્રોલપંપ ખાતે કામે ગયેલ તથા મારી પત્નિ તથા મારી પૌત્રી તેના કામે ગયેલ હતી.બાદ બપોરના આશરે બારેક વાગ્યાના અરશામાં હું ઘરે જમવા માટે આવેલ અને ઘરે જમીને થોડીક વાર આરામ કરેલ બાદ આશરે પોણા બે વાગ્યાના અરશામાં મારા ઘરે તાળુ મારી અને ફરી બંસલ પેટ્રોલપંપ ખાતે કામે ગયેલ અને સાંજના પરત ઘરે આવીને જોયેલ તો મારા ઘર ના દરવાજાનો આગળીયો તેમજ તાળુ તુટેલ હાલતમાં જોવા મળેલ જેથી મે ઘરનો દરવાજો ખોલી અંદર જોયેલ તો અંદર બધો ઘરનો સામાન અસ્ત વ્યસ્ત હતો.

જેથી મને અહીં કામે રખાવેલ તે મુકેશભાઈને ફોન કરેલ અને મે તેમને જણાવેલ કે મારા ઘરનાં દરવાજાનું તાળુ તુટેલ છે અને ઘરમાં બધો સામાન અસ્ત વ્યસ્ત પડેલ છે જેથી તેણે કહેલ કે હુ હમણા આવુ છુ તમો કાઈ કરતા નહી. બાદ હુ મુકેશભાઈની રાહે બેઠેલ અને થોડીવારમાં મુકેશભાઈ આવતા તેઓએ બધુ જોયેલ તેવામાં મારા પત્નિ તથા પુત્ર બંને ઘરે આવતા તેને બધી જાણ કરેલ જેથી મારી પત્નિ તથા મારી પૌત્રીએ ઘરમાં જઈ બધો સામાન જોયેલ તો જાણવા મળેલ કે અલગ અલગ દાગીના અને બચત કરેલ આશરે રોકડા રૂ.૪૦ હજાર જે મારી પત્નિએ મારા ઘરમાં રાખેલ ટીફીનના ખાનામાં રાખેલ હોય તે જોવામાં આવેલ નહી.આ અંગે કુવાડવા પોલીસમાં ચોરીની ફરિયાદ કરી હતી.

# પડધરીના વણપરી ટોલનાકા પાસેથી બાંગ્લાદેશી મહિલાને ઝડપી લેતી એલસીબી

### સ્થાનીક પોલીસને સોંપતા મહિલાને નજરકેદ કરી પૂછપરછ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશભરમાં ગેરકાયદે રહેતા લોકોને શોધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટ રૂરલ એલસીબીની ટીમે પડધરીના વણપરી ટોલનાકા નજીકથી બાંગ્લાદેશી ઘૂષણખોર મહિલાને ઝડપી લીધી છે પોલીસે બાંગ્લાદેશી મહિલાને નજરકેદ કરી ડિપોર્ટ કરવા તજવીજ હાથ ધરી છે.

પહલગામ આતંકી હુમલા બાદ ભારતમાં ગેરકાયદે ઘૂષણખોરી કરી રહેતા પરપ્રાંતિયોને શોધી કાઢી દેશ નિકાલ કરવા કેન્દ્ર સરકારની સૂચના અન્વયે રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા રાજકોટ જિલ્લામાં ઘૂસણખોરી કરનારા લોકોને શોધી કાઢવા આપેલી સૂચના મુજબ એલસીબી પીઆઇ વી વી ઓડેદરાની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ રવિદેવ બારડ સહિતનાને ખાનગી રહે બાતમી મળી હતી કે, કોઈપણ પ્રકારના વિઝા કે સરકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે રહેતી એક મહિલા પડધરીના વણપરી ટોલનાકા પાસેથી પસાર થવાની છે, જે બાતમીના આધારે પડધરી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એન. પરમારની ટીમ સાથે એલસીબીએ બાતમીવાળી જગ્યાએ તપાસ કરાવતા બાંગ્લાદેશી મહિલા મળી આવી હતી તેની પૂછપરછ કરતા કોઈપણ વિઝા કે સરકારની મંજૂરી વગર અહીં રહેતા હોવાની કબૂલાત મહિલાએ આપી હતી. ઝડપાયેલી મહિલા મૂળ બાંગ્લાદેશના ડેલુઆ દક્ષિણની અને હાલ સિધ્ધપુર પાટણની રોઝીના ખાતુન મોહમ્મદ અબુ બકર સીદીક ઉ.૩૪ હોવાનું જણાવ્યું હતું તેની પાસેથી બાંગ્લાદેશનું આઇડી કાર્ડ પણ મળી આવતા પોલીસે બાંગ્લાદેશી મહિલાને નજર કેદ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાવકીગામે ટ્રાન્સફોર્મર ફાટતા ૯ વર્ષના માસુમનું મોત

### બાળકે સારવારમાં દમ તોડતા પરિવારમાં કલ્પાંત; ઘટના સીસીટીવીમાં કેદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે મવડી રોડ પર આવેલા રાવકી ગામે નવ વર્ષનો બાળક ઘર પાસે રમતો હતો ત્યારે અચાનક ટ્રાન્સફોર્મર ફાટતા ભડકો થયો હતો. જેમાં બાળક ગંભીર રીતે દાઝી જતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત ન નીવડતા હોસ્પિટના બીછાને જ તેનુ મોત નીપજતા પરિવારજનોમાં શોકની લાગણી છ્વાય જવા પામી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ લોધીકા તાલુકાના રાવકી ગામે રહેતા મહમદ ઝાકીર સૈયદનો ૯ વર્ષનો પુત્ર રૂફલઅલી ગત તા.૧૪ના રોજ પોતાના ઘર પાસે શેરીમાં રમતો હતો ત્યારે ઘર પાસે આવેલુ પીજીવીસીએલનું ટ્રાન્સફોર્મર અચાનક ફાટતા ભડકો થયો હતો. ત્યારે ત્યા નીચે રમતો રૂજુલઅલી આગની જપટમાં આવી જતા ગંભરી રીતે દાઝી ગયો હતો. જેથી તેને તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયા તેની તબીબી દ્વારા સારવાર શરૂ કરવામાં આવી હતી. જો કે, સારવાર કારગત ન નીવડતા આજે સવારે તેનુ હોસ્પિટલના બીછાને જ મોત નીપજ્યુ હતુ.

આ અંગે લોધીકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી બાળકના મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણ ભાઇ ચાર બહેનમાં વચેટ અને તેના પિતા કારખાનામાં મજુરી કામ કરતા હોવાનુ જાણવા મળ્યું છે. ટ્રાન્સફોર્મર ફાટતા ભડકો થતો હોવાનુ અને બાળક દોડીને આગમાંથી બહાર આવતો હોવાનો સીસીટીવીમાં કેદ થઇ ગયુ હતુ. બાળકના મોતથી શ્રમિક પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

# મોરબીમાં નવી સેન્ટ્રલ જેલ બનશે, મુખ્યમંત્રીએ આપી મંજૂરી

### કેદીઓને મનોરંજન માટે હોલ, મેદાન અને તાલીમી સગવડ હશેઃ શહેરથી ત્રણ કિલોમીટર દૂર જેલ માટે ૩૨ એકર જમીન ફાળવતા કલેકટર

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીમાં જિલ્લાકક્ષાની જેલ બનાવવાનો મહત્વનો નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરાયો છે. મોરબીના અમરેલી નજીક નવી જેલ માટે જિલ્લા કલેકટર દ્વારા ૩૨ એકર જમીનની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. આધુનિક જેલ બન્યા બાદ જેલમાં કેદીઓને રાખવાની ક્ષમતા અને સુવિધામાં વધારો થશે જેથી ઓવરક્રાઉડની સમસ્યાનું નિરાકરણ થશે.

જિલ્લા કલેકટર કે.બી. ઝવેરીએ જણાવ્યુ હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે મોરબીમાં જિલ્લાકક્ષાની જેલને મંજૂર કરી મહત્વનો નિર્ણય કર્યો છે. જેથી હવે પછી ૧૭૧ ની સામે ૫૫૦ ની વધુ કેદીઓ રાખી શકાય તેવી ક્ષમતા ધરાવતી આધુનિક જેલ નિર્માણ પામશે. જિલ્લા જેલરની માગણીથી મોરબીથી ત્રણેક કિમી દૂર આવેલ અમરેલી ગામમાં સર્વે નં. ૧૯૯ પૈકી એકની જમીનમાંથી ૫-૨૨-૭૦ હેક્ટર એટલે કે, ૩૨ એકર જેટલી જમીન જેલ બનાવવા માટે વહિવટી તંત્ર દ્વારા તબદીલ કરવામાં આવી હતી. જેથી કેદીઓ સહિત જેલના સ્ટાફને સુવિધાયુકત જેલ મળી રહેશે. નવી જેલની મંજૂરીના નિર્ણયને આવકારતા જિલ્લા જેલર ડી. એમ. ગોહિલ કહે છે કે, મોરબી સબ જેલ ૧૯૫૪માં શરૂ કરવામાં આવી હતી. તે સમયે કેદીઓની સમાવેશ સંખ્યા ૮૪ની હતી જે બાદમાં વર્ષ ૨૦૧૭માં જરૂરી સુધારા વધારા કરતાં ૧૭૧ (૧૪૩ પુરૂષ કેદી અને ૨૮ મહિલા કેદી) કરાઈ હતી. કેદીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો હોઈ આગામી ૫૦ વર્ષને ધ્યાને લઈને નવી જિલ્લા જેલ બનાવવા માટે જિલ્લા જેલ કમિટિએ તંત્રને દરખાસ્ત કરી હતી. જેલમાં કેદીઓના રહેવાની, મનોરંજન માટેના હોલ, હરવા ફરવા માટેની ખુલ્લી જગ્યાનો સમાવેશ થશે. જેમા સરકાર દ્વારા કેદીઓને જેલમાં તાલીમ સાથે રોજગાર મળી રહે તે માટે જેલમાં વિવિધ પ્રકારના ઉધોગો શરૂ કરવાની સગવડોનો સમાવેશ થયો છે. ૫૫૦ કેદીઓમાં ૫૦૦ પુરૂષ કેદીઓ અને ૫૦ મહિલા કેદીઓનો સમાવેશ કરવાના હેતુથી જમીનની માગણી થઈ હતી.

# હરિહર ચોક પાસેના ગેરકાયદે બાંધકામ ઉપર બુલડોઝર ફર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ગુનાહિત ઈતિહાસ ધરાવતા અસામાજિક તત્વોની યાદી તૈયાર કરી તેમની ઉપર કડક કાર્યવાહી કરવા આપેલી સુચના અન્વયે શહેર પોલીસે તૈયાર કરેલ લીસ્ટ મુજબ એક પછી એક આરોપીઓ સામે આકરા પગલા લેવામાં આવી રહ્યા છે ત્યારે સીપીના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પોલીસે મારામારી અને ધમકીના ગુનામાં પકડાયેલા આરોપીના ગેરકાયદે દબાણો ઉપર બુલડોઝર ફેરવી દીધું હતું

રાજકોટ પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પોલીસ સ્ટેશન હસ્તકના ગુનેગારો ઉપર ઘોંસ બોલાવવામાં આવી હતી એ ડીવીઝનના પીઆઈ બી.વી.બોરીસાગર અને ટીમે હરિહર ચોક પાસે આવેલ દાતાર બાપુની દરગાહ પાસે ગેરકાયદે બાંધકામ કરી રહેતા સમીર દિલાવરભાઈ લિંગડીયાના જે અગાઉ કોન્ટ્રાકટરને મારમારી જાનથી મારી નાખવાના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો હોય તેની સામે પોલીસે કાર્યવાહી કરી ગેરકાયદે ખડકી દિધેલા મકાન પર પોલીસે બુલડોઝર ફેરવી દઈ નાશ કરી સરકારી જગ્યા ખુલ્લી કરાવી હતી.

# થોરાળામાં મારામારી : પિતા-પુત્ર સહિત ત્રણને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં થોરાળા વિસ્તારમાં ભાડુઆત સાથે ઝઘડો કરતા પાડોશીને સમજાવવા ગયેલા પિતા-પુત્ર ઉપર પાડોશી પરિવારે હુમલો કર્યો હતો. વળતા પ્રહારમાં અન્ય એક આધેડને ઈજા પહોંચી હતી. મારામારીમાં સામ સામે પક્ષે ઘવાયેલા પિતા-પુત્ર અને આધેડને સારવાર માટે ખસેડાયા હતા.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ નવા થોરાળા વિસ્તારમાં રહેતા પુનાભાઈ ગોરાભાઈ ચાવડા (ઉ.વ.૫૫) અને તેના પુત્ર વિશાલભાઈ ચાવડા (ઉ.વ.૩૨) ૪.૩૨ બોપરના અઢી વાગ્યાના અરસામાં બાજુની શેરીમાં હતા ત્યારે ભવાનભાઈ સહિતાના શખ્સોએ ઝઘડો કરી કાચની બોટલોનો માર ચલાવ્યો હતો. જ્યારે વળતા પ્રહારમાં નિલેશભાઇ રાજાભાઈ ખીમસુરીયા (ઉ.વ.૫૦) પુનાભાઈ ચાવડા, વિશાલ અને પ્રકાશ સહિતનાએ મારમાર્યો હતો. મારામારી ઘવાયેલા પિતા-પુત્ર સહિત ત્રણેયને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં પુનાભાઈ ચાવડાના ભાડુઆત સાથે ઝઘડો કરતા શખ્સોને સમજાવવા જતા પિતા-પુત્ર ઉપર હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.


## પાસપોર્ટ અને અગત્યના ડોકયુમેન્ટ ખોવાયા છે

ગઇ તા.૧૪-૬-૨૦૨૫ના રાત્રીના ૧૦ વાગ્યે કે.કે.વી હોલથી યોગી નગર મેઇન રોડ જનકપુરી કોમ્પલેક્ષ તરફ ઘરે આવતી વખતે રસ્તામાં મેન્સ પાકિટ (પર્સ) જેમાં ઓરીજન્લ પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ, નાગરિક બેન્કનું એટીએમ કાર્ડ અને રૂ.૨૨૦૦૦ સહિતનું પર્સ ગુમ થઇ ગયું હોય જે કોઇ વ્યકિતને મળ્યું હોય તે નીચે જણાવેલ મોબાઇલ નંબર પર સંપર્ક કરી પરત કરી આપશે. તેઓને યોગ્ય બદલો આપવામાં આવશે.

નામઃ પ્રતિક પંકજભાઇ લાઠીગરા
મોબાઇલ નં.૬૩૫૯૬ ૦૩૬૦૩